


PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 19
Issue : 023
Dt.: 01-10-2026,
Thursday



Rs.00.50 paisa


### દિવાળીના ફટાકડા પર સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય

# ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ નહીં, સમય અને પ્રકાર પર નિયંત્રણઃ સુપ્રીમ કોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિવાળીના તહેવાર પહેલાં ફટાકડાના ઉપયોગને લઈને સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. ન્યાયાલયે સ્પષ્ટ કર્યું છે કે દેશમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવશે નહીં, પરંતુ તેનો અર્થ એવો પણ નથી કે લોકો ૨૪ કલાક ફટાકડા ફોડી શકે. સુપ્રીમ કોર્ટે ધાર્મિક પરંપરા, લોકોના સ્વાસ્થ્ય અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવા માટે વ્યવહારુ માર્ગ શોધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

સુનાવણી દરમિયાન જસ્ટિસ એમ.એમ. સુંદરેશે જણાવ્યું હતું કે દેશભરમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાથી લોકોની ધાર્મિક લાગણીઓ પર અસર થઈ શકે છે. બીજી તરફ, ફટાકડાના સતત અને અનિયંત્રિત ઉપયોગથી વાયુ અને ધ્વનિ પ્રદૂષણ વધવાની સાથે બીમાર વ્યક્તિઓ, વૃદ્ધો અને નાના બાળકોના સ્વાસ્થ્ય પર પણ અસર થઈ શકે છે.

કોર્ટે જણાવ્યું કે એવો ઉકેલ શોધવાની જરૂર છે જે તહેવારની પરંપરાને જાળવી રાખે અને જાહેર આરોગ્ય સાથે પણ સમાધાન ન કરે. આ માટે ફટાકડા ફોડવા માટે ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવામાં આવી શકે છે.

## સુપ્રીમ કોર્ટે ધાર્મિક પરંપરા, લોકોના સ્વાસ્થ્ય અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવા માટે વ્યવહારુ માર્ગ શોધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે

સુપ્રીમ કોર્ટે સંકેત આપ્યો છે કે આગામી તબક્કામાં ફટાકડા ફોડવા માટે નિર્ધારિત સમય નક્કી કરવામાં આવી શકે છે. એટલે કે દિવાળીના દિવસે કોઈપણ સમયે અથવા આખી રાત ફટાકડા ફોડવાની મંજૂરી આપવાને બદલે નિયંત્રિત સમયગાળો નક્કી થઈ શકે છે. આ ઉપરાંત કયા પ્રકારના ફટાકડાનો ઉપયોગ કરી શકાશે અને કયા પ્રકારના ફટાકડાઓ પર પ્રતિબંધ અથવા નિયંત્રણ રહેશે તેની પણ સ્પષ્ટતા કરવામાં આવી શકે છે. તેનો મુખ્ય હેતુ ફટાકડાથી થતા પ્રદૂષણને મર્યાદિત કરવાનો છે.

કોર્ટે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) અને કેન્દ્ર સરકારને ફટાકડાના વધુ પરીક્ષણો કરવા માટે સમય આપ્યો છે. ખાસ કરીને ફટાકડામાં બેરિયમની હાજરી અને તેની માત્રા અંગે તપાસ કરવામાં આવશે. સાથે જ ફટાકડાના સંયુક્ત ફાયર ટેસ્ટ કરીને તેનાથી ઉત્પન્ન થતા અવાજનું ડેસિબલ સ્તર માપવા માટે પણ સૂચના આપવામાં આવી છે. આ પરીક્ષણોના પરિણામોના આધારે કયા ફટાકડાનો ઉપયોગ મંજૂર કરી શકાય અને કયા ઉત્પાદનો પર નિયંત્રણ જરૂરી છે તે અંગે આગળની કાર્યવાહી થઈ શકે છે. સુપ્રીમ કોર્ટે CPCB અને કેન્દ્ર સરકારને પરીક્ષણોના પરિણામો તથા વિગતવાર અહેવાલ રજૂ કરવા જણાવ્યું છે. આ મામલે આગામી સુનાવણી ૧૫ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ થશે. દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં દિવાળી દરમિયાન વાયુ પ્રદૂષણનો મુદ્દો દર વર્ષે ચર્ચામાં રહે છે. આ સંદર્ભમાં સુપ્રીમ કોર્ટની કાર્યવાહીનો કેન્દ્રબિંદુ ફટાકડાના ઉપયોગ પર સંપૂર્ણ રોક લગાવવાનો નહીં, પરંતુ ધાર્મિક ઉજવણી સાથે



જાહેર આરોગ્ય અને પર્યાવરણની ચિંતાઓને કેવી રીતે સંતુલિત કરવી તે રહેશે. આગામી સુનાવણીમાં ફટાકડાના સમય, પ્રકાર અને પરીક્ષણોના પરિણામોને આધારે વધુ સ્પષ્ટતા થવાની શક્યતા છે.

### કોકપીટમાં બેઠેલા એક પાઈલટ વિમાનને ક્રેશ કરવા માંગતા હતા

# ઈઝરાયલી વિમાન હાઈજેકિંગ કેસમાં એક મોટો ખુલાસો થયો

### દુબઈ-તેલ અવીવ વિમાનને હાઈજેક નહીં ક્રેશ કરાવવાની હતી કોશિશ, કોકપિટમાં બાખડ્યા હતા બન્ને પાઈલટ!

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈઝરાયલી વિમાન હાઈજેકિંગ કેસમાં એક મોટો ખુલાસો થયો છે. કોકપીટમાં બેઠેલા એક પાઈલટ વિમાનને ક્રેશ કરવા માંગતા હતા, પરંતુ બીજા પાઈલટે તેને રોક્યો. બંને વચ્ચે ઝપાઝપી થઈ. ઝપાઝપી દરમિયાન, એટીસીને હાઈજેકિંગનો સંકેત આપવામાં આવ્યો, જેના કારણે ઈઝરાયલી સરકાર એલર્ટ થઈ ગઈ.

વિમાનમાં રહેલા એક મુસાફરના જણાવ્યા અનુસાર, એક પાઈલોટે વિમાનને ક્રેશ કરવાનો પ્રયાસ કર્યો. બીજા પાયલોટે તેને રોકવાનો પ્રયાસ કર્યો, જેના કારણે ઝપાઝપી થઈ. બીજા પાઈલોટે મુસાફરો અને ક્રૂ સભ્યોની મદદથી પાઈલટને કાબુમાં લઈ લીધો. મળતી માહિતી અનુસાર આ ઘટનામાં ઘણા મુસાફરો ઘાયલ થયા હતા અને લોહી વહેતું હતું. ઈઝરાયલી મીડિયા અનુસાર, ફ્લાયદુબઈનું આ વિમાન ૨૪ બાળકો સહિત ૧૭૪ લોકો લઈ જઈ રહ્યું હતું.

ઈઝરાયલી મીડિયા અહેવાલો અનુસાર, પાઈલટ્સ વચ્ચેના વિવાદ પછી સૌપ્રથમ સિગ્નલ મોકલવામાં આવ્યો હતો. ત્યારબાદ ક્રૂએ ડિસ્ટ્રેસ સિગ્નલ મોકલ્યો. સિગ્નલ મળતાં વિમાનને તાત્કાલિક મેન્યુઅલ કંટ્રોલ હેઠળ મૂકવામાં આવ્યું હતું. ત્યારબાદ તેને સાઉદી અરેબિયા તરફ વાળવામાં આવ્યું હતું.

થોડા સમય પછી વિમાન સાથેનો સંપર્ક તૂટી ગયો. બેન ગુરિયન એરપોર્ટ પર લેન્ડિંગ પરવાનગી નકારી કાઢવામાં આવી હતી. પાઈલટ્સે એર ટ્રાફિક કંટ્રોલર્સના સંદેશાઓનો જવાબ આપ્યો ન હતો. ત્યારબાદ હાઈજેકિંગના સમાચાર ફેલાઈ ગયા. સાઉદી અરેબિયામાં વિમાન ઉતર્યા પછી બધું સામાન્ય થઈ ગયું. નોઆમ નામની એક ઈઝરાયલી મહિલાએ ખાનગી ચેનલને જણાવ્યું કે તેણે પહેલા કોકપીટમાં ચીસો સાંભળી. એક પાઈલટને છરી વાગી હતી. તે સમયે કોકપીટમાં હંગામો થયો. વિમાન અચાનક નીચે ઉતરવા લાગ્યું. લોકોએ પ્રાર્થના શરૂ કરી.

૭૫૦૦ અને ૭૭૦૦ નો ઉપયોગ કરીને ATC ને સિગ્નલ મોકલવામાં આવ્યા હતા. આંતરરાષ્ટ્રીય ઉડ્ડયન સત્તામંડળના નિયમો અનુસાર, જ્યારે ૭૭૦૦ નો ઉપયોગ કરીને સિગ્નલ પ્રાપ્ત થાય છે, ત્યારે તેને ઈમરજન્સીની સ્થિતિ માનવામાં આવે છે.

જો ૭૫૦૦ નંબર પરથી કોઈ સિગ્નલ આવે છે, તો એવું માનવામાં આવે છે કે કોઈએ વિમાનને હાઈજેક કર્યું છે અથવા તેને હાઈજેક કરવાનો પ્રયાસ કરી રહ્યો છે.

### ચૂંટણી પંચે અડધી રાતે કર્યો મોટો ફેરફાર

# ફોર્મ ૬માંથી વધારાનું એસઆર ઘોષણા પત્ર હટાવ્યું

### આ પગલાથી નાગરિકો માટે નવી વોટર આઈડી બનાવવા કે વોટર લિસ્ટમાં નામ જોડવાની અરજી પ્રક્રિયા સરળ બનશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ચૂંટણી પંચે ECINET પૉર્ટલ પરથી ફોર્મ ૬માંથી વધારાનું SIR ઘોષણા પત્ર હટાવ્યું છે. જે રાજ્યોમાં SIR પ્રક્રિયા પૂર્ણ થઈ છે, ત્યાં આ નિર્ણય લાગુ પડશે. આ પગલાથી નાગરિકો માટે નવી વોટર આઈડી બનાવવા કે વોટર લિસ્ટમાં નામ જોડવાની અરજી પ્રક્રિયા સરળ બનશે. ૨૬ સપ્ટેમ્બરની જાહેરાત બાદ થયેલા વિવાદને ધ્યાને લઈ પંચે આ નિર્ણય લીધો છે.

નવી વૉટર આઈડી બનાવવા કે વૉટર લિસ્ટમાં નામ જોડવા માટે ફોર્મ ૬ ભરવામાં આવે છે. તાજેતરમાં ECINET પૉર્ટલ પર આ ફોર્મ સાથે SIRથી જોડાયેલું એક વધારાનું ઘોષણા પત્ર દેખાવા લાગ્યું હતું, જેને લઈને વિવાદ થયો હતો. આ બાબતને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચે ૨૬ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવેલી જાહેરાતના ચાર દિવસ બાદ, જે રાજ્યોમાં SIR પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે ત્યાં ECINET પૉર્ટલ પરથી આ વધારાનું ઘોષણા પત્ર હટાવી દીધું છે.

જ્યારે કોઈ વ્યક્તિ પહેલી વાર મતદાતા બને છે ત્યારે તેનું નામ વૉટર લિસ્ટમાં જોડવા માટે ફોર્મ ૬ ભરવું પડે છે, જે એક નિર્ધારિત કાનૂની ફોર્મ છે. બીજી બાજુ, SIR દરમિયાન વૉટર લિસ્ટની ચકાસણી માટે ફોર્મ ૬ સાથે વધારાનું ઘોષણા પત્ર જોડવામાં આવ્યું હતું. આ ઘોષણામાં નવા અરજદારે જૂના વૉટર રેકોર્ડ અંગે માહિતી આપવાની રહેતી હતી, જેમ કે પોતાનું કે માતા-પિતા કે દાદા-દાદીનું નામ અગાઉની વૉટર લિસ્ટમાં હતું કે નહીં. હવે એસઆર પ્રક્રિયા પૂર્ણ થયેલા રાજ્યોમાં આ વધારાનું પત્ર હટી ગયું છે અને 'નિર્વાચક રજીસ્ટ્રીકરણ નિયમ, ૧૯૬૦' મુજબના સામાન્ય ફોર્મનો જ ઉપયોગ થશે.

આ વિવાદનું મુખ્ય કારણ એ હતું કે ચૂંટણી પંચના આ પગલા સામે બે ચૂંટણી આયુક્તે વાંધો ઉઠાવ્યો હતો.

# ૨૩ વર્ષ બાદ યુએસ આર્મીએ ઈરાક છોડ્યું! તેહરાનમાં ઉજવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાકમાં છેલ્લા બે દાયકાથી ચાલી રહેલો અમેરિકન સૈન્ય દખલ હવે સત્તાવાર રીતે પૂર્ણ થઈ ગયો છે. અમેરિકન સેનાએ ઈરાકમાં પોતાના આખરી બચેલા સૈન્ય મથકો પણ સંપૂર્ણપણે ખાલી કરી દીધા છે. આ સાથે જ વર્ષ ૨૦૦૩ના અમેરિકન આક્રમણથી શરૂ થયેલી સૈન્ય ઉપસ્થિતિનો આ લાંબો અધ્યાય હંમેશા માટે બંધ થઈ ગયો છે. ઈરાન અને તેના સમર્થકોએ આ પગલાંને એક મોટી જીત તરીકે જોયું છે, જ્યારે સુરક્ષા નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે આ સુરક્ષાના ખાલીપાથી ઈરાનનો પ્રભાવ અને 'ઈસ્લામિક સ્ટેટ' (ISIS)ના ફરીથી ઉભરવાનું જોખમ વધી શકે છે.

આ ઐતિહાસિક નિર્ણય વર્ષ ૨૦૨૪માં તત્કાલીન અમેરિકન પ્રમુખ જો બાઈડનના કાર્યકાળ દરમિયાન લેવાયો હતો, જેને હવે ડોનાલ્ડ ટ્રમ્પના પ્રશાસન દ્વારા અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે આ બે દાયકા લાંબા સંઘર્ષમાં આશરે ૪૫૦૦ અમેરિકન સૈનિકોએ પોતાના પ્રાણ ગુમાવ્યા હતા. અમેરિકાએ સદ્દામ હુસેનને સત્તા પરથી હટાવવા માટે વર્ષ ૨૦૦૩માં ઈરાક પર આક્રમણ કર્યું હતું અને ત્યાં શિયા-નેતૃત્વવાળી સરકાર સ્થાપિત કરી હતી. વર્ષ ૨૦૧૧ના અંતમાં અમેરિકન સેના ત્યાંથી ખસી ગઈ હતી, પરંતુ ઈસ્લામિક સ્ટેટ (ISIS)ના વધતા જોખમને કારણે ૨૦૧૪થી ૨૦૧૭ વચ્ચે તેમને ફરીથી ઈરાક પરત ફરવું પડ્યું હતું. આ ઉપરાંત, અફઘાનિસ્તાનની સરખામણીમાં આ ઈરાક યુદ્ધ દરમિયાન અમેરિકાના લગભગ બમણા સૈનિકો માર્યા ગયા હતા.

ઈરાકમાંથી અમેરિકન સૈનિકોના પરત જવા પર મિશ્ર પ્રતિક્રિયાઓ સામે આવી રહી છે. ઈરાન સમર્થિત 'ઈસ્લામિક રેઝિસ્ટન્સ ઈન ઈરાક'ના કમાન્ડર અબુ મુજતબા અલ-યાસિરીએ તેને ઈરાકી પ્રતિરોધ સમૂહોની ઐતિહાસિક જીત અને અમેરિકન પ્રોજેક્ટની હાર ગણાવી છે. કારણ કે, ઈરાન લાંબા સમયથી પશ્ચિમ એશિયામાંથી અમેરિકન સેનાને બહાર જોવા માંગતો હતો.

બીજી બાજુ, સુરક્ષા નિષ્ણાત જાસિમ અલ-બહાદલીનું કહેવું છે કે અમેરિકન સૈનિકોના હટવાથી તેહરાન સામે જે એક સંતુલન બનેલું હતું, તે સમાપ્ત થઈ જશે. આનાથી ઈરાન સમર્થિત અર્ધલશ્કરી સશસ્ત્ર જૂથનો રાજકીય અને સુરક્ષા મામલાઓમાં પ્રભાવ વધુ વધી જશે.

ઈરાકે છેલ્લા બે દાયકામાં વોશિંગ્ટન અને તેહરાન બંને સાથે સંબંધો જાળવી રાખ્યા, પરંતુ તેનું પરિણામ એ આવ્યું કે ઈરાક ઘણીવાર બંને દેશો વચ્ચે પ્રોક્સી યુદ્ધનો અખાડો બની ગયું.

વર્ષ ૨૦૨૦માં બગદાદ એરપોર્ટ પર થયેલા અમેરિકન હુમલામાં ઈરાની કમાન્ડર કાસિમ સુલેમાનીનું મૃત્યુ થયું હતું, જ્યારે ઈરાન સમર્થિત જૂથોએ અનેક વખત અમેરિકન ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા. હવે અમેરિકન સેનાની પૂર્ણ વાપસી બાદ મધ્ય-પૂર્વની ભૂ-રાજનીતિમાં એક નવો વળાંક આવવાની પૂરી સંભાવના છે.

### EB-5 વિઝા ફીમાં તોતિંગ વધારો

# અમેરિકામાં રોકાણ દ્વારા ગ્રીન કાર્ડ મેળવવાની યોજના બનાવી રહેલા ભારતીયોને ઝટકો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકામાં રોકાણ દ્વારા ગ્રીન કાર્ડ મેળવવા માંગતા ભારતીયોને ઝટકો લાગ્યો છે. USCIS એ EB-5 ઈમિગ્રન્ટ ઈન્વેસ્ટર પ્રોગ્રામની વિવિધ ફીમાં ૩૦ નવેમ્બર ૨૦૨૬થી ભારે વધારો કર્યો છે. I-526E ફોર્મની ફી $3,675 થી વધીને $7,850 થઈ છે, જ્યારે I-829 ની ફી $3,૭૫૦ થી $5,000 થઈ છે. આ વધારાથી ભારતીય રોકાણકારોનો કુલ ઈમિગ્રેશન ખર્ચ નોંધપાત્ર રીતે વધશે.

અમેરિકામાં રોકાણ દ્વારા ગ્રીન કાર્ડ મેળવવાની યોજના બનાવી રહેલા ભારતીયોને ઝટકો લાગશે. યુએસ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિઝ (USCIS) એ EB-5 ઈમિગ્રન્ટ ઈન્વેસ્ટર પ્રોગ્રામની અનેક ફીમાં ભારે વધારાને મંજૂરી આપી દીધી છે. નવા નિયમો ૩૦ નવેમ્બર ૨૦૨૬ થી લાગુ થઈ ગયા છે. તેનાથી અમેરિકામાં રોકાણ કરીને કાયમી નિવાસ મેળવવાનો પ્રયાસ કરી રહેલા ભારતીય ઉદ્યોગસાહસિકો અને પરિવારોનો ખર્ચ વધી ગયો છે. EB-5 પ્રોગ્રામ હેઠળ એકલા રોકાણ કરનારા અરજદારો માટે ફોર્મ-૫૨૬ની ફી ૩,૬૭૫ ડોલરથી વધીને ૭,૬૧૫ ડોલર થઈ ગઈ છે. ત્યાં જ, રીજનલ સેન્ટર દ્વારા રોકાણ કરનારા લોકોના ફોમ I-526Eની ફી ૩,૬૭૫ ડોલરથી વધીને ૭,૮૫૦ ડોલર થઈ ગઈ છે. આ પ્રારંભિક અરજીઓ પર ૭૫ ડોલરની ટેક્નોલોજી ફી પણ લગાવવામાં આવી છે. ગ્રીન કાર્ડ પર લાગેલી શરતોને હટાવવા માટે દાખલ કરવામાં આવતા ફોર્મ I-829ની ફી પણ ૩,૭૫૦ ડોલરથી વધીને ૫,૦૦૦ ડોલર થઈ ગઈ છે.

નવા નિયમોમાં રીજનલ સેન્ટર્સ સાથે જોડાયેલી ફીમાં પણ મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. Form I-956 દ્વારા રીજનલ સેન્ટરની માન્યતા લેવાની ફી ૧૭,૭૯૫ ડોલરથી વધીને ૪૪,૧૧૫ ડોલર થઈ ગઈ છે. ત્યાં જ, ફોમ I-956Fની ફી વધીને ૪૨,૬૭૫ ડોલર થઈ ગઈ છે. USCISના જણાવ્યા અનુસાર, એજન્સી પોતાની પ્રવૃત્તિઓનો મોટો હિસ્સો અરજી ફીમાંથી મળતી રકમથી ચલાવે છે. તેમાં અરજીની તપાસ, બેકગ્રાઉન્ડ ચેક, પાત્રતાની પુષ્ટિ અને છેતરપિંડી રોકવા જેવી પ્રક્રિયાઓ સામેલ છે.EB-5 દ્વારા વિદેશી રોકાણકારો અમેરિકામાં કોઈ યોગ્ય વ્યાપારી પ્રોજેક્ટમાં રોકાણ કરીને અને ઓછામાં ઓછી ૧૦ ફુલ-ટાઈમ નોકરીઓ ઊભી કરીને કાયમી નિવાસ માટે પાત્ર બની શકે છે. હાલના નિયમો હેઠળ સામાન્ય રોકાણની લઘુત્તમ રકમ ૧૦.૫ લાખ ડોલર, જ્યારે લક્ષિત રોજગાર ક્ષેત્ર અથવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાં ૮ લાખ ડોલર છે. આ પ્રોગ્રામમાં રોકાણકારની સાથે તેના પતિ કે પત્ની અને યોગ્ય બાળકો પણ ગ્રીન કાર્ડ માટે અરજી કરી શકે છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતથી EB-5 માટે માંગ ઘણી વધી છે. જેના કારણે ભારતીય અરજદારો માટે બેકલોગ પણ બનેલો છે, જેનાથી ગ્રીન કાર્ડ માટે રાહ જોવાનો સમય પ્રભાવિત થઈ શકે છે. હવે અરજી ફીમાં મોટા વધારાથી ભારતીય રોકાણકારોનો કુલ ઈમિગ્રેશન ખર્ચ વધી ગયો છે. જો કે, ફી વધવા છતાં રોકાણની મૂળ પાત્રતા અને રોજગાર નિર્માણની શરતો અલગ નિયમો હેઠળ લાગુ રહેશે. એક રિપોર્ટ મુજબ ૨૦૨૩માં લગભગ ૧૨ લાખ લોકોને ગ્રીન કાર્ડ મળ્યું હતું, તેમાથી ૭૮ હજાર ભારતના હતા. આ વર્ષે ૬૦ ટકા ભારતીયોને ગ્રીન કાર્ડ મળ્યું છે.




## તંત્રી લેખ......

### ઉત્તર પ્રદેશમાં ૨૦૨૬ની રાજ્યસભા ચૂંટણીને લઈ રાજકીય ગરમાવો

ઉત્તર પ્રદેશમાં રાજ્યસભા ચૂંટણી ૨૦૨૬ ને લઈને રાજકીય ગરમાવો વધી ગયો છે. સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે દાવો કર્યો છે કે, ભારતીય જનતા પાર્ટીના અનેક ધારાસભ્યો તેમના સંપર્કમાં છે અને સપાના ત્રીજા ઉમેદવારને જીતાડવામાં મદદ કરશે. જોકે, તેમણે ઉમેર્યું કે તેઓ સંપર્કમાં રહેલા તમામ ધારાસભ્યોને પોતાની તરફ લઈ શકે તેમ નથી, કારણ કે ભવિષ્યમાં તમામને ટિકિટ આપવી કે એડજસ્ટ કરવા શક્ય નથી.

સપા પ્રમુખે ભાજપ પર પ્રહાર કરતાં જણાવ્યું કે, જો ૨૦૨૪ની રાજ્યસભા ચૂંટણીમાં ભાજપે 'વોટ ચોરી' કે 'ધારાસભ્ય ચોરી' ન કરી હોત તો તે સમયે પણ સપા પાસે ૩ સાંસદ હોત. ઉલ્લેખનીય છે કે તે ચૂંટણી વખતે સપાના ૭ ધારાસભ્યો બળવાખોર બન્યા હતા અને ભાજપની તરફેણમાં ક્રોસ વોટિંગ કર્યું હતું.

વર્ષ ૨૦૨૪ ની ચૂંટણીમાં ઉત્તર પ્રદેશમાંથી ભાજપના તમામ ૮ ઉમેદવારો જીત્યા હતા, જ્યારે સપા તરફથી જયા બચ્ચન અને રામજી લાલ સુમન સંસદ પહોંચ્યા હતા. સપાના ત્રીજા ઉમેદવાર આલોક રંજન ક્રોસ વોટિંગના કારણે હારી ગયા હતા.

રાજ્યસભા ચૂંટણીમાં મોટો 'સરપ્રાઈઝ' આપવાની વાત વચ્ચે રામગોપાલ યાદવ ઉપરાંત ધનરાજ પરિમલ નથવાણી ને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. તેઓ રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીના પુત્ર અને રિલાયન્સ ગ્રૂપમાં વરિષ્ઠ અધિકારી છે. સપા દ્વારા તેમને ત્રીજા ઉમેદવાર તરીકે રજૂ કરાતાં અને ભાજપના ધારાસભ્યો સંપર્કમાં હોવાના દાવા બાદ ક્રોસ વોટિંગની ચર્ચાઓ ફરી શરૂ થઈ છે.

# રાજકોટ સીવીલ હોસ્પિટલ મોત નો મલાજો ન જાળવી શકી : પરીવાર મૃતદેહ લેવા આવ્યો તે અગાઉ હોસ્પિટલે અગ્નિસંસ્કાર કરી નાંખ્યા




પ્રતિનિધિ,ગાંધીનગર

સરકારી તંત્રમાં સિસ્ટમ નામની કોઈ વસ્તુ જ ન હોય તેમ રામ ભરોસે ગાડુ ચલાવવામાં આવતુ હોય છે. એવામાં આરોગ્ય ક્ષેત્રે જાણે દાટ વળી ગઈ હોય તેમ કોઈ રણીધણી ન હોવાનુ છેલ્લા કેટલાક સમયની સરકારી હોસ્પિટલોની સ્થિતિ જોતા લાગી રહ્યુ છે. એવામાં રાજકોટ સીવીલ હોસ્પિટલમાં મોતનો મલાજો સાચવવામાં પણ જવાબદારો નિષ્ફળ નિવડતા એક ચોંકાવનારા બનાવના પગલે સોશીયલ મીડીયામાં ટીકા પાત્ર બન્યા છે.

સીવીલ હોસ્પિટલમાં કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવેલો વૃધ્ધનો મૃતદેહ અન્ય પરીવારને સોંપી દીધો હતો. એટલુ જ નહી સીવીલમાં જ ૨૪ કલાક પડયા પાથર્યા રહેતા અને બિનવારસી મૃતદેહને અગ્નિસંસ્કાર કરતા રમણીકભાઈએ રામનાથપરા માં અગ્નિ સંસ્કાર પણ કરી નાંખ્યા હતા. જયારે આજે બુધવારે સવારે મૃતક વૃધ્ધનો પરીવાર કોલ્ડ સ્ટોરેજમાં મૃતદેહ લેવા માટે આવતા મૃતદેહ જોવા ન મળતા તપાસ કરી હતી, દરમિયાન તેમના પિતાના અગ્નિ સંસ્કાર ગઈકાલે મંગળવારે જ કરી દેવામાં આવ્યા હોવાનુ જણાવતા શોકગ્રસ્ત પરીવાર આશ્ચર્ય પામ્યો હતો અને બનાવ અંગે સીવીલ તંત્ર સામે રોષ વ્યકત કરી પ્રહલાદનગર પોલીસને જાણ કરી હતી અને જવાબદારો વિરૂધ્ધ પગલા લેવાનુ જણાવ્યુ હતું.

આશ્ચર્ય પમાડનાર બનાવની મળતી વિગત મુજબ ગોંડલના રામપાર્કમાં રહેતા નિવૃત્ત શિક્ષક હરસુખલાલ શાંતિલાલ ઠાકર (ઉ.વ.૯૨) ના વૃધ્ધ આઠેક દિવસ પહેલા ઘરે હતા, ત્યારે પડી જતા સારવાર માટે દોંશી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં ઓપરેશન બાદ વૃધ્ધની તબિયત બગડતા સારવાર દરમિયાન મૃત્યુ થયુ હતું. વૃધ્ધની દિકરી અમેરિકા રહેતી હોવાથી મૃતદેહને કોલ્ડ સ્ટોરેજમાં રાખવા માટે સીવીલ હોસ્પિટલના પીએમ રૂમ ખાતે આવેલા કોલ્ડ સ્ટોરેજમાં મુકવામાં આવ્યો હતો. જે બાદ આજે બુધવારે સવારે વૃધ્ધના પુત્રો સહિતના પરીવારજનો સીવીલ હોસ્પિટલના પીએમ રૂમ ખાતે અંતિમવિધી માટે પિતાનો મૃતદેહ લેવા માટે આવ્યા હતા ત્યારે જે ખાનામાં મૃતદેહ મુકયો હતો તેમાં જોવા મળ્યો ન હતો, આથી પરીવારે તપાસ કરતા પિતાનો મૃતદેહ મળી આવ્યો ન હતો. દરમિયાન સીવીલમાં જ મોટાભાગે રહેતા અને બિનવારસી મૃતદેહના અંતિમ સંસ્કાર કરવાનુ કામ કરતા રમણીકભાઈ પરમાર ત્યાં પહોચી પરીવારને જણાવ્યુ હતુ કે આ કોલ્ડ સ્ટોરેજના ખાનામાંથી ગઈકાલે મંગળવારે એક બિનવારસી વ્યકિતનો મૃતદેહ સમજી એ-ડીવીજન પોલીસની હાજરીમાં જ રામનાથ પરા સ્મશાનમાં અગ્નિસંસ્કાર કરી આવ્યા છીએ, વાત સાંભળતા જ પરીવારના પગ તળેથી જમીન સરકી ગઈ હતી અને અગ્નિસંસ્કાર કર્યા એ અમારા પિતાનો મૃતદેહ હોવાનુ જણાવ્યુ હતું. સમગ્ર બનાવને લઈને હોસ્પિટલ તંત્રમાં પણ દોડધામ મચી જવા પામી હતી.

અંતે પરીવારજનો શોકના સમયે પ્રહલાદનગર પોલીસ મથકે જઈ બનાવ અંગે પોલીસમાં રજુઆત કરતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. આ બેદરકારીભર્યા બનાવમાં વિગતો જાણવા મળી હતી કે ગઈકાલે મંગળવારે બપોરે એ ડીવીજન પોલીસ સ્ટેશનનો સ્ટાફ એક બિનવારસી મૃતદેહ લઈને આવ્યા હતા. તેનુ નામ ગોવિંદભાઈ હતું, તેના પરીવારજનો ન મળતા મૃતદેહને કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવ્યો હતો. દરમિયાન તેમના પરીવારજનો મળી આવતા એ ડીવીજન પોલીસ અને મુંબઈ સ્થિત પરીવાર સીવીલ હોસ્પિટલે આવ્યો હતો. દરમિયાન પીએમ રૂમ ખાતે હાજર સ્ટાફ અને પોલીસકર્મીઓ દ્વારા ગોવિંદભાઈના બદલે હરસુખલાલ નો મૃતદેહ આપી દીધો હતો અને ત્યાંના રમણીકભાઈ મારફતે પરીવારે રામનાથ પરા સ્મશાને અગ્નિસંસ્કાર પણ કરી નાંખ્યા હતા. સીવીલ હોસ્પિટલના પીએમ રૂમથી આવુ પહેલીવાર નહી અનેક વખત બન્યુ છે. મૃતક ના સ્વજનોને અન્યનો મૃતદેહ સોંપી દેવામાં આવતા રસ્તામાંથી પાછુ ફરવાની પણ નોબત આવી હોવાના દાખલા પણ નોંધાયેલા છે. કેટલીક વખત પોલીસની બેદરકારીમાં મૃતદેહ બદલાઈ જવાના બનાવો પણ બહાર આવ્યા છે. આવા ગંભીર બનાવો છતાં હોસ્પિટલ તંત્ર દ્વારા કોઈ જવાબદારી નકકી કરવામાં આવી નથી કે સિસ્ટમ બનાવાઈ નથી. જેના લીધે આજે ફરી એકવખત બેદરકારી બહાર આવી છે. રાજકોટ સીવીલ હોસ્પિટલમાં મૃતદેહની અદલા બદલીનો અત્યંત ગંભીર અને દુઃખદ મામલો બહાર આવ્યો છે.

### નિરમા યુનિર્વસિટીના કેમ્પસમાં શરમજનક ઘટના : હોસ્ટેલની વિદ્યાર્થીનીઓ સામે વર્કરની ગંદી હરકતનો વિડીયો વાયરલ




પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદની જાણીતી નિરમા યુનિર્વસિટીમાં મહિલા સુરક્ષાને લઈને ફરી એકવાર ગંભીર વિવાદ સર્જાયો છે. કેમ્પસ એચ-૫ બિલ્ડીંગમાં કામ કરતા એક કર્મચારી દ્વારા છાત્રાલયની યુવતિઓ સામે બિભત્સ હરકત કરતો વિડીયો સોશીયલ મીડીયા પર વાયરલ થતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. આ બનાવ બહાર આવતા જ વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ દ્વારા કેમ્પસમાં તાત્કાલીક અને નિષ્પક્ષ તપાસની માંગ સાથે વિરોધ શરૂ કરવામાં આવ્યો હતો. અમદાવાદ - ગાંધીનગર હાઈવે પર આવેલી પ્રખ્યાત નિરમા યુનિર્વસિટી શિક્ષણ જગતમાં પ્રતિષ્ઠિત સ્થાન ધરાવે છે. પરંતુ તાજેતરમાં કેમ્પસની આંતરીક સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉભા થયા છે.

કેમ્પસની અંદર એચ-૫ બિલ્ડીંગમાં ફરજ બજાવતા એક શ્રમિક અથવા વર્કર દ્વારા વિદ્યાર્થીનીઓ સામે અશોભનીય વર્તન કરવામાં આવ્યુ હોવાનુ બહાર આવ્યુ છે. આ ઘટના બનતા જ કેમ્પસમાં રહેતી વિદ્યાર્થીનીઓમાં ભય અને રોષનો માહોલ ફેલાયો છે. શૈક્ષણિક સંસ્થાઓમાં સુરક્ષિત વાતાવરણ પુરૂ પાડવાની યુનિર્વસિટી પ્રશાસનની પ્રાથમિક જવાબદારી હોવા છતાં, આવી ઘટનાઓનુ પુનરાવર્તન થવુ એ સુરક્ષા વ્યવસ્થાની ગંભીર ક્ષતિ તરફ નિર્દેશ કરે છે. મળતી વિગતો અનુસાર કન્યા છાત્રાલયની એચ-૪ બિલ્ડીંગમાં રહેતી વિદ્યાર્થીનીઓની નજર સામેની એચ-૫ બિલ્ડીંગ પર પડી હતી. જ્યાં કામ કરતો એક વર્કર આપત્તિજનક હરકતો કરી રહ્યો હતો. વિદ્યાર્થીનીઓએ જાગૃતતા દાખવી પોતાના મોબાઈલ કેમેરામાં આ સમગ્ર કૃત્ય કેદ કરી લીધુ હતું અને પુરાવારૂપે આ કિલપ જાહેર કરી હતી. આ કિલપ સોશીયલ મીડીયા પ્લેટફોર્મ અને સ્ટુડન્ટ ગૃપમાં ઝડપથી ફરતી થતા જ યુનિર્વસિટી તંત્રની આબરૂના ધજાગરા ઉડયા છે અને વાલીઓમાં પણ ચિંતાની લાગણી વ્યાપી ગઈ છે. એનએસયુઆઈ દ્વારા માંગણી કરવામાં આવી છે કે વિડીયોમાં દેખાતા શખ્સની તાત્કાલીક ઓળખ કરી તેની વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવે તેમજ સમગ્ર બિલ્ડીંગ અને હોસ્ટેલ પરીસરના સીસીટીવી કેમેરાનુ ફોરેન્સિક ઓડીટ કરવામાં આવે તેમજ જો યુનિર્વસિટી મેનેજમેન્ટ ૪૮ કલાકમાં નકકર કાર્યવાહી નહી કરે તો રાજયવ્યાપી ઉગ્ર આંદોલન છેડવામાં આવશે. શૈક્ષણિક નિષ્ણાંતોનુ માનવુ છે કે કોઈપણ કેમ્પસમાં બાહ્ય કોન્ટ્રાકટરો કે શ્રમિકોની અવર જવર પર બાયોમેટ્રીક ચેકીંગ, બેકગ્રાઉન્ડ વેરીફીકેશન અને ચોકકસ વિસ્તારો પુરતી મર્યાદીત એન્ટ્રી હોવી અનિવાર્ય છે. હોસ્ટેલ આસપાસ મહિલા સુરક્ષાગાર્ડની સંખ્યા વધારવી અને બ્લાઈન્ડ સ્પોટ્સ પર હાઈ ડેફિનેસન સીસીટીવી લગાડવા એ સમયની તાતી જરૂરીયાત છે. સ્થાનિક પોલીસ તંત્ર પણ આ વાયરલ સામગ્રીની ખરાઈ કરી યોગ્ય કાયદાકીય દિશામાં તપાસ આગળ ધપાવે તે જરૂરી બન્યુ છે.

# શરમ કરો સરકાર: ગુજરાતના ખેડુતો બળદોને આશ્રમમાં મુકવા બન્યા મજબુર: ઓછા વરસાદ થી સૌરાષ્ટ્રમાં ઘાસચારાની તંગી : હાલત જોઈ ભરાઈ જશે હૈયું

### ચોમાસુ નબળુ રહેતા પાણી અને ઘાસચારાની અછત વધી : રાજકોટ શહેરના સદાવ બળદ આશ્રમમાં માત્ર ૮ દિવસમાં આશરે ૧ હજાર થી વધુ બળદનો વધારો થયો હોવાનો અહેવાલ








પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સૌરાષ્ટ્રમાં ચાલુ વરસે નબળા વરસાદની અસર હવે માત્ર ખેતી પુરતી સિમિત રહી નથી. અનેક વિસ્તારોમાં પશુઓ માટે પાણી અને ઘાસચારાની અછત સર્જાતા નાના અને મધ્યમ ખેડુતો માટે પોતાના બળદોની જાળવણી મુશ્કેલ બની રહી છે. આવી સ્થિતિમાં કેટલાક ખેડુતો પોતાના વરસો થી સાથી રહેલા બળદોને વેચવાને બદલે રાજકોટ નજીક આવેલા સદાવ બળદ આશ્રમમાં સોંપી રહ્યા છે. રાજકોટ શહેરથી પશ્ચિમે આશરે ૨૨ કિ.મી. દુર કાલાવાડ રોડ પર ખીરસરા ગામ નજીક આવેલા આ આશ્રમમાં છેલ્લા કેટલાક દિવસોથી ખેડુતો બળદો લઈને પહોચી રહ્યા છે. સ્થાનિક અહેવાલો અનુસાર આશ્રમ દ્વારા ઘાસચારો અને પીવાના પાણીની મુશ્કેલી ધરાવતા ખેડુતોને પોતાના બળદો અહી મુકવાની અપીલ કરવામાં આવ્યા બાદ સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. ઉલ્લેખનીય છે કે દુષ્કાળ અને પાણીની અછતના કારણે જે પ્રકારે જગતનો તાત થાકી હારી ને પોતાના બળદોને આશ્રમમાં મુકવા મજબુર બન્યો છે. એ જોતા સરકારે હવે શરમ કરવાની જરૂર છે. ખેડુતોની આવક બમણી કરવાના ભાજપ સરકારના તમામ દાવાઓ અહી પોકળ સાબિત થઈ રહ્યા છે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ પણ ખેડુત કલ્યાણની ખોટી ગુલબાંગો ફુંકવાને બદલે આ અંગે ખેડુતોને દુષ્કાળને કારણે થયેલા નુકશાન નુ યોગ્ય વળતર ત્વરીત આપવાનો નિર્ણય લેવાની જરૂર છે. સદાવ ના બળદ આશ્રમના વ્યવસ્થાપક વિશાલભાઈ માંગુકિયાના જણાવ્યા અનુસાર અગાઉ આશ્રમમાં મુખ્યત્વે અશકત અથવા બિમાર બળદો આવતા હતા અને સંખ્યા આશરે ૧૬૦૦ જેટલી હતી. સ્વસ્થ બળદોને પણ સ્વીકારવાની અપીલ બાદ માત્ર ૮ દિવસમાં આશરે ૧ હજાર થી વધુ બળદોનો વધારો થયો હોવાનુ અહેવાલોમાં જણાવાયુ છે. આશ્રમની શરૂઆત ૨૦૨૧ માં વૃધ્ધ અને બિમાર બળદોની સેવા માટે કરવામાં આવી હતી. હાલમાં ઉભી થયેલી પરિસ્થિતિમાં સંસ્થા એવા ખેડુતોને પણ સહાય કરવાનો પ્રયાસ કરી રહી છે. જેમની પાસે પશુઓ માટે પુરતો ઘાસચારો અથવા પીવાનુ પાણી ઉપલબ્ધ નથી, ખેડુતો માટે બળદ માત્ર ખેતીનુ સાધન નથી, પરંતુ વરસોથી પરીવાર અને ખેતી જીવનનો હિસ્સો રહ્યા છે. તેથી આર્થિક મુશ્કેલી વચ્ચે તેમને વેચવાનો નિર્ણય પણ ઘણા ખેડુતો માટે સરળ નથી. જામનગર જિલ્લાના નરમાણા ગામના ખેડુત ચમનભાઈ અભંગી પોતાના બળદોની જોડીને રાજકોટ નજીકના આશ્રમમાં મુકવા આવ્યા હતા. અહેવાલ મુજબ તેમણે બળદોને આશ્રમ સુધી પહોચાડવા માટે વાહનનુ ભાડુ ચુકવ્યુ અને આશ્રમને દાન પણ આપ્યું, તેમનો મુખ્ય તર્ક એવો હતો કે બળદ વેચ્યા બાદ તેમને કોણ અને કેવી રીતે સાચવશે તેની ખાત્રી રહેતી નથી, મીડીયા સાથેની વાતચીતમાં ચમનભાઈએ જણાવ્યુ હતુ કે તેમણે પોતાના બળદોને વરસોથી સાચવ્યા હતા અને વરસાદ ન પડતા ખેતરમાં ચારો ઉગી શકયો ન હતો. અગાઉ ખરીદેલા નીરણ પાછળ પણ તેમનો મોટો ખર્ચ થયો હોવાનુ તેમણે જણાવ્યુ હતું. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં આ વરસે વરસાદ ઓછો રહેતા ખેતરોમાં ચારો ઉપલબ્ધ થવામાં મુશ્કેલી ઉભી થઈ છે. દ્વારકા અને ખંભાળીયા જેવા વિસ્તારો અંગેના અહેવાલોમાં પાણી અને ઘાસચારાની ગંભીર અછતનો ઉલ્લેખ થયો છે. ખેડુતો માટે સમસ્યા બે સ્તરે ઉભી થઈ છે, એકતરફ પાક અને ખેતીની આવક અંગે અનિશ્ચિતતા છે, તો બીજી તરફ પશુઓને રોજ ખવડાવવા અને પાણી પીવડાવવા માટે સતત ખર્ચ કરવો પડે છે. ખાસ કરીને નાના ખેડુતો માટે આ વધારાનો ખર્ચ લાંબા સમય સુધી ઉઠાવવો મુશ્કેલ બની શકે છે. સદાવ ના બળદ આશ્રમમાં બળદોની સંખ્યા વધતા સંસ્થા સામે પણ ઘાસચારો, પાણી, સારવાર અને વ્યવસ્થાપનનો મોટો પડકાર ઉભો થયો છે. એક અહેવાલ મુજબ આશ્રમમાં ૩ હજાર થી વધુ બળદોની સેવા માટે આશરે ૫૦ લોકોનો સ્ટાફ કાર્યરત છે અને રોજેરોજ ૩ હજાર મણ થી વધુ ચારાની જરૂર પડે છે, સંસ્થા લોક સહયોગ અને દાન પર ચાલતી હોવાનુ જણાવ્યુ હતું. ખેડુતો પાસેથી બળદોને આશ્રમમાં મુકવા માટે કોઈ ચાર્જ લેવામાં આવતો નથી અને પશુઓની સંભાળ માટે સારવારની વ્યવસ્થા પણ હોવાનુ અહેવાલોમાં જણાવાયુ છે. જામનગર જિલ્લાના સતીયા ગામના ખેડુત દેવાયતભાઈ કિહોરે પોતાના કાંકરેજ જાતિના બળદોને આશ્રમમાં સોંપતી વખતે કહ્યુ હતુ કે બળદોએ વરસોથી ખેતી માં સાથ આપ્યો છે, તેથી તેમને આશ્રમમાં મુકવા પડે તે સ્વભાવિક રીતે ભાવનાત્મક ક્ષણ છે, આ સમગ્ર સ્થિતિ માત્ર પશુ આશ્રય ની વાત નથી, તે ઓછા વરસાદની અસર ખેતીની બહાર કેવી રીતે પરીવારની અર્થવ્યવસ્થા, પશુધનના સંચાલન અને ખેડુતોના રોજીંદા જીવન સુધી પહોચી શકે છે. તેનુ ઉદાહરણ પણ બની રહી છે.

### અસારવા સ્ટેશન પર પ્લેટફોર્મની દિવાલના બાંધકામના કામને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે

અમદાવાદ મંડળના અસારવા સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૩ પર પ્લેટફોર્મની દિવાલના નિર્માણ કાર્ય માટે ૦૧ ઓક્ટોબર ૨૦૨૬થી ૩૦ ઓક્ટોબર ૨૦૨૬ સુધી ટ્રાફિક બ્લોક લેવામાં આવશે.

આ કાર્ય ને કારણે નીચેની ટ્રેનોના સંચાલનમાં ફેરફાર કરવામાં આવ્યો છે:

ટ્રેન સંખ્યા ૬૯૨૪૫ અસારવા–હિંમતનગર મેમૂ તારીખ ૦૧ ઓક્ટોબર ૨૦૨૬થી ૩૦ ઓક્ટોબર ૨૦૨૬ સુધી સંપૂર્ણપણે રદ રહેશે.

ટ્રેન સંખ્યા ૬૯૨૪૬ હિંમતનગર–અસારવા મેમૂ તારીખ ૦૨ ઓક્ટોબર ૨૦૨૬થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ સુધી સંપૂર્ણપણે રદ રહેશે.

ટ્રેન સંખ્યા ૧૯૩૧૫ ઈન્દોર–અસારવા વીર ભૂમિ એક્સપ્રેસ તારીખ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬થી ૨૯ ઓક્ટોબર ૨૦૨૬ સુધી અસારવાના બદલે નરોડા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે.

ટ્રેન સંખ્યા ૧૯૩૧૬ અસારવા–ઈન્દોર વીર ભૂમિ એક્સપ્રેસ તારીખ ૦૧ ઓક્ટોબર ૨૦૨૬થી ૩૦ ઓક્ટોબર ૨૦૨૬ સુધી અસારવાના બદલે નરોડા સ્ટેશનથી પ્રારંભ થશે.

ટ્રેન સંખ્યા ૦૯૪૦૬ ખેડબ્રહ્મા–અસારવા ભાદરવી પૂનમ સ્પેશિયલ તારીખ ૦૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ અસારવાના બદલે નરોડા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે.

ટ્રેનોના સ્ટોપેજ, માર્ગ અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને માહિતી મેળવી શકે છે.

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - બુધવાર, ૩૦/૦૯/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૭૪૦૬ | ૧,૪૦૦.૦૦ | ૧,૯૧૮.૦૦ |
| ૨ | એરંડા | ૮૫ | ૧,૫૨૦.૦૦ | ૧,૫૩૧.૦૦ |
| ૩ | ઘઉં | ૯૩૫ | ૫૩૬.૦૦ | ૬૧૩.૦૦ |
| ૪ | બાજરી | ૦ | ૪૬૦.૦૦ | ૪૯૦.૦૦ |
| ૫ | મકાઇ | ૧૦ | ૪૮૦.૦૦ | ૫૩૧.૦૦ |
| ૬ | કપાસ | ૬૪ | ૧,૬૦૦.૦૦ | ૧,૮૦૫.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

# શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસ વાપસીઃ રાહુલ ગાંધી સાથે બેઠક પર નજર : નવરાત્રીની શરૂઆતમાં બાપુ જોડાય તેવી શકયતાઓ

### જો કે એક વર્ગ માને છે કે અહેમદ પટેલના નિધન બાદ કોંગ્રેસને ચાણકયા જેવા નેતા ની ખોટ સાલે છે : વાઘેલા ગુજરાત પુરતા ચાલી શકે



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને એક સમયના ભાજપના વરીષ્ઠ નેતા તથા બાદમાં કોંગ્રેસ અને એનસીપી સહિત તથા પોતાના જ પ્રાદેશિક પક્ષની રચના કરીને રાજકારણમાં મહત્વ બનાવી રાખનાર શંકરસિંહ વાઘેલાએ હવે ફરી એકવખત કોંગ્રેસમાં જોડાવવાનો નિર્ણય લેતા જ તેના રાજકીય પ્રત્યાઘાતો શું પડશે તે અંગે ચર્ચા ચાલુ થઈ ગઈ છે.

શંકરસિંહ વાઘેલાએ ગરવી ગુજરાત સાથેની મુલાકાતમાં જણાવ્યુ હતુ કે રાજયમાંથી ભાજપની સરકારને હાંકી કાઢવા હું કોંગ્રેસમાં જોડાવવા તૈયાર છું અને તેઓએ આ અંગે કોંગ્રેસમાં ગુજરાતના ઈન્ચાર્જ રણદિપસિંહ સુરજેવાલા સાથે વાતચીત પણ કરી છે અને ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડા, ભરતસિંહ સોલંકીને પણ જાણ કરી છે, પરંતુ રાહુલ ગાંધીને મળ્યા બાદ તેઓ આખરી નિર્ણય લેશે. એકતરફ ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણી યોજાઈ રહી છે અને તારીખ ૧૧ ઓકટોબર ના રોજ મતદાન છે, ત્યારે શંકરસિંહ ની કોંગ્રેસ વાપસી કેટલી મહત્વની તે પણ ચર્ચા શરૂ થઈ છે. શંકરસિંહ વાઘેલાએ ૯ વરસ અગાઉ કોંગ્રેસ છોડી હતી અને ત્યારબાદ તેઓના પ્રાદેશિક પક્ષો અને અલગ અલગ મંચ થી ઉમેદવારો ઉભા રાખ્યા પણ સફળ થયા ન હતા. કોંગ્રેસના સુત્રોના જણાવ્યા મુજબ વાઘેલાની પુનઃ વાપસી અંગે ગુજરાત કોંગ્રેસમાં પણ મતભેદ હોવાનુ માનવામાં આવે છે. એક મોટો વર્ગ એવુ ગણે છે કે વાઘેલાનો રાજકીય પ્રભાવ નથી, તેમની આ હાજરી ફકત સિમ્બોલીક હશે તો બીજી તરફ એક વર્ગ એવુ માને છે કે ક્ષત્રિય સમાજમાં વાઘેલાનુ હજુ પ્રભુત્વ છે અને કોંગ્રેસને તેનો લાભ ગાંધીનગર ચુંટણી થી લઈને વિધાનસભા ચુંટણી સુધી મળી શકે છે અને ૨૦૨૧ માં અહેમદ પટેલના નિધન બાદ ગુજરાત કોંગ્રેસ પાસે ચાણકય જેવો કોઈ નેતા નથી અને શંકરસિંહ વાઘેલા ચુંટણી અને રાજકારણના નિષ્ણાંત છે. પરંતુ તેઓ રાહુલ ગાંધી પાસે પોતાનુ શું મહત્વ માંગશે તેના પર નજર છે. ગુજરાત કોંગ્રેસમાં નેતૃત્વનો દુકાળ છે તે નિશ્ચિત છે પરંતુ વાઘેલા તે કેટલો પુરો કરી શકે તે પણ સવાલ છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307 (M)9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### સરદાર સરોવર નર્મદા ડેમ રાષ્ટ્રાર્પણ પછી સાતમી વાર ૧૩૮.૬૮ મીટરની મહત્તમ સપાટીએ પહોંચી

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કેવડીયામાં ઉમંગ અને ઉલ્લાસમય વાતાવરણમાં વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે નર્મદા નીરના વધામણા કર્યા

ગુજરાતમાં જળક્રાંતિ અને કૃષિક્રાંતિની જીવાદોરી સમાન નર્મદા યોજનાના સરદાર સરોવર ડેમની જળ સપાટી તેની મહત્તમ ૧૩૮.૬૮ મીટર એટલે કે, ૪૫૫ ફુટ પહોંચી છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે લોકમાતા નર્મદાના પાવન જળની આરાધના બુધવારે બપોરે સરદાર સરોવર ડેમ સાઈટ એકતા નગર પહોંચીને જળ પૂજન અને વધામણાંથી કર્યા હતાં.

મુખ્યમંત્રીશ્રીએ ૧૦,૪૫૩ ગામો, ૧૯૧ શહેરો તથા ૦૭ મહાનગર પાલિકાઓને એમ કુલ મળીને ગુજરાતની આશરે ૪ કરોડથી વધુ પ્રજાને પીવાનું પાણી પુરું પાડતા આ સરદાર સરોવર નર્મદા ડેમ પ્રોજેક્ટનું જળાશય પૂર્ણ સપાટીએ છલકાતાં જળ રાશિનું ઉમંગ અને ઉલ્લાસમય વાતાવરણમાં વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પૂજન કર્યુ હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૭માં ૧૭મી સપ્ટેમ્બરે સરદાર સરોવર ડેમનું રાષ્ટ્રાર્પણ કર્યુ ત્યારપછી આ ડેમ અત્યાર સુધીમાં કુલ ૦૭ વખત - વર્ષ ૨૦૧૯, ૨૦૨૦, ૨૦૨૨, ૨૦૨૩, ૨૦૨૪ અને ૨૦૨૫ તથા ૨૦૨૬માં તેની મહત્તમ સપાટીએ ભરાયો છે. નર્મદા ડેમની ૧૩૮.૬૮ મીટર (૪૫૫ ફુટ) સપાટીએ કુલ જળ સંગ્રહ ક્ષમતા ૯૪૬૦ મીલીયન ઘન મીટર છે.આ સાથે પ્રધાનમંત્રી તરીકેનું સેવા દાયિત્વ સંભાળ્યાના માત્ર ૧૭ દિવસમાં જ નર્મદા ડેમનું બાકીનું કામ પૂર્ણ કરવા તથા ગેટ બેસાડવાની મંજુરી આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ નર્મદાના નીરના વધામણાં કરતાં કહ્યુ કે, ચાલુ વર્ષમાં સમગ્ર નર્મદા બેસીનમાં આવેલ કુલ પાણીના જથ્થાને ધ્યાને લઈને સામાન્ય વર્ષોમાં ગુજરાતને ફાળવવામાં આવતા ૯ મિલિયન એકર-ફૂટ (MAF) પાણીની સામે હાલમાં આશરે ૭.૯ મિલિયન એકર-ફૂટ (MAF) પાણી ઉપલબ્ધ છે.

આ ઉપલબ્ધ અમૂલ્ય જળનો કરકસરપૂર્વક, સમજદારીપૂર્વક અને આયોજનબદ્ધ રીતે ઉપયોગ કરી



પાણીના દરેક ટીપાનો મહત્તમ સદુપયોગ કરવો એ આપણી સૌની સામૂહિક જવાબદારી છે તેમ તેમણે ઉમેર્યુ હતું. નોંધનીય છે કે, ચાલુ ચોમાસામાં સુજલામ-સુફલામ અને સૌની યોજના દ્વારા ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છને પાણીનું વિતરણ કર્યુ છે. સુજલામ સુફલામ યોજનામાં ચાલુ જળ વર્ષ દરમિયાન ૨૦૧ MCM ( ૭૧૧૮ MCFT) પાણી પૂરું પાડવામાં આવ્યું છે અને ૧૦૨૮ તળાવો ભરવામાં આવ્યા છે.

સૌની યોજનામાં ૨૮૮ MCM (૧૦૧૮૯ MCFT) પાણી પૂરું પાડવામાં આવ્યું છે અને ૧૬૭ તળાવો, ૧૦૧૪ ચેકડેમ અને ૪૫ ડેમ ભરવામાં આવ્યા છે. આમ, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ ની જરૂરિયાતો અનુસાર તળાવો, ચેકડેમ, બંધો વગેરે ભરવા માટે પાણી વિતરણ કરવામાં આવેલ છે. રાજ્યની અવિરત પ્રગતિના છડીદાર અને ગુજરાતના પાણીઆરા સમાન આ સરદાર સરોવર નર્મદા ડેમના પૂર્ણ સપાટીએ પહોંચેલા જળરાશિના પૂજન-અર્ચનથી જળ શક્તિની વંદના કરવાની પરંપરા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સતત ત્રીજા વર્ષે પણ જળ પૂજન કરીને આગળ ધપાવી છે.

આ કાર્યક્રમમાં પાણી પૂરવઠા રાજ્યમંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ, મુખ્ય સચિવશ્રી એમ.કે.દાસ, મુખ્યમંત્રીના અગ્રસચિવશ્રી સંજીવ કુમાર, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી અંજનાબેન વસાવા, સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા, રાજ્યસભાના સાંસદશ્રી ડૉ. મુકેશભાઈ રાઠવા, નાંદોદના ધારાસભ્યશ્રી ડૉ.દર્શનાબેન દેશમુખ, પૂર્વ મંત્રીશ્રી શબ્દશરણ તડવી, SSNNLના ચેરમેન અને એમ.ડી. શ્રી મુકેશ પુરી, સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારીશ્રી અમિત અરોરા તથા જિલ્લા વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતમાં ફિલ્મ શૂટિંગ માટે સિંગલ વિન્ડો સિનેમેટિક પોર્ટલ લોન્ચ

### વિશ્વ પ્રવાસન દિવસના અવસરે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે પોર્ટલનું લોન્ચિંગ

ગાંધીનગર:

ગુજરાતને દેશના અગ્રણી સિનેમેટિક ટુરિઝમ અને ફિલ્મ શૂટિંગ ડેસ્ટિનેશન તરીકે પ્રસ્થાપિત કરવા માટે ગુજરાત ટુરિઝમ દ્વારા મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. ૨૭ સપ્ટેમ્બર, વિશ્વ પ્રવાસન દિવસના અવસરે ગુજરાતના માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે 'સિંગલ વિન્ડો સિનેમેટિક પોર્ટલ'નું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

ગુજરાત ટુરિઝમ કોર્પોરેશન લિમિટેડ (TCGL) દ્વારા વિકસાવવામાં આવેલ આ પોર્ટલનો ઉદ્દેશ ગુજરાતમાં ફિલ્મ શૂટિંગ માટે જરૂરી પરમિશન પ્રક્રિયાને વધુ સરળ, સુવ્યવસ્થિત અને ફિલ્મમેકર્સ માટે સુવિધાજનક બનાવવાનો છે. જે ગુજરાત પ્રવાસન કમિશનર ની વેબસાઈટ (commissioner tourism.gujarat.gov.in)મારફત એક્સેસ કરી શકાશે.

એક જ પ્લેટફોર્મ પરથી ફિલ્મ શૂટિંગની પરમિશન

સિંગલ વિન્ડો સિનેમેટિક પોર્ટલ મારફતે ફીચર ફિલ્મ, ડોક્યુમેન્ટરી, વેબ સિરીઝ, એડ ફિલ્મ વગેરેના શૂટિંગ માટે જરૂરી પરમિશન મેળવવાની પ્રક્રિયા એક જ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આ પહેલથી ગુજરાતમાં ફિલ્મ શૂટિંગ કરવા ઈચ્છતા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફિલ્મમેકર્સ, પ્રોડક્શન હાઉસ તથા લાઈન પ્રોડ્યુસર્સ માટે પરમિશન પ્રક્રિયા વધુ સુવ્યવસ્થિત બનશે.

'ઈન્ડિયન સિને હબ' સાથે બાય-ડિરેક્શનલ ઈન્ટિગ્રેશન

ગુજરાતના સિંગલ વિન્ડો સિનેમેટિક પોર્ટલને ભારત સરકારના 'ઈન્ડિયન સિને હબ' પોર્ટલ સાથે બાય-ડિરેક્શનલ ઈન્ટિગ્રેશન કરવામાં આવ્યું છે.

'ઈન્ડિયન સિને હબ' સમગ્ર ભારતમાં સિનેમા અને એન્ટરટેઈનમેન્ટ સંબંધિત પરમિશન માટેનું મહત્વપૂર્ણ પ્લેટફોર્મ છે. આ એકીકરણના પરિણામે ગુજરાતમાં ફિલ્મ શૂટિંગ માટે પરમિશન મેળવવાની પ્રક્રિયાને રાષ્ટ્રીય સ્તરની સિસ્ટમ સાથે જોડવામાં આવી છે.

જિલ્લા સ્તરના અધિકારીઓ અને લાઈન પ્રોડ્યુસર્સને તાલીમ

પોર્ટલના અમલીકરણ માટે ગુજરાતની જિલ્લા કલેક્ટર કચેરીઓ, પોલીસ વિભાગના કર્મચારીઓ અને લાઈન પ્રોડ્યુસર્સને પોર્ટલ અંગે તાલીમ આપવામાં આવી છે.

આ તાલીમ દ્વારા સંબંધિત અધિકારીઓ અને ફિલ્મ ઉદ્યોગ સાથે સંકળાયેલા હિતધારકોને પોર્ટલની કાર્યપ્રણાલી અને પરમિશન પ્રક્રિયા અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

ગુજરાતને અગ્રણી સિનેમેટિક ટુરિઝમ ડેસ્ટિનેશન બનાવવાનો પ્રયાસ

ગુજરાત પાસે ઐતિહાસિક વારસો, સંસ્કૃતિ, કુદરતી સૌંદર્ય, દરિયાકિનારો, રણ, પ્રાચીન સ્થાપત્ય અને વિવિધ પ્રવાસન સ્થળો જેવી વૈવિધ્યસભર લોકેશન્સ ઉપલબ્ધ છે, જે ફિલ્મ શૂટિંગ માટે વિશિષ્ટ તકો પૂરી પાડે છે.

સિંગલ વિન્ડો સિનેમેટિક પોર્ટલ દ્વારા આ લોકેશન્સને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફિલ્મમેકર્સ સુધી પહોંચાડવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે.

ગુજરાત ટુરિઝમનો ઉદ્દેશ રાજ્યને પ્રાધાન્યલક્ષી સિનેમેટિક ટુરિઝમ અને ફિલ્મ શૂટિંગ ડેસ્ટિનેશન તરીકે વિકસાવવાનો છે. ફિલ્મ શૂટિંગને પ્રોત્સાહન મળવાથી રાજ્યના પ્રવાસન સ્થળોની વૈશ્વિક પહોંચ વધવાની સાથે સ્થાનિક રોજગારી, હૉસ્પિટાલિટી, પરિવહન અને અન્ય સંબંધિત ક્ષેત્રોને પણ વેગ મળવાની અપેક્ષા છે.

૨૭ સપ્ટેમ્બર, વિશ્વ પ્રવાસન દિવસના અવસરે આ પોર્ટલનું લોન્ચિંગ ગુજરાતના સિનેમેટિક ટુરિઝમ ક્ષેત્રે ડિજિટલ સુવિધાઓના વિસ્તરણ અને ફિલ્મ ઉદ્યોગ માટે વધુ અનુકૂળ ઈકોસિસ્ટમ ઊભી કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ છે.

### ૧ ઓક્ટોબરે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પોરબંદરમાં રાજ્યના ૨૫મા સાંસ્કૃતિક વનનુ લોકાર્પણ

# શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ ૨૦૦૪માં શરૂ કરવામાં આવેલી સાંસ્કૃતિક વન નિર્માણની પહેલ અંતર્ગત હવે ગુજરાતમાં ૨૫મું સાંસ્કૃતિક વન બનીને તૈયાર

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ ૨૦૦૪માં શરૂ કરવામાં આવેલી સાંસ્કૃતિક વન નિર્માણની પહેલ અંતર્ગત હવે રાજ્યમાં ૨૫મું સાંસ્કૃતિક વન બનીને તૈયાર છે. ૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પોરબંદરમાં ઓડદર ગામ પાસે સાંસ્કૃતિક વન - 'સર્વોદય વન'નું લોકાર્પણ કરવામાં આવશે. મહાત્મા ગાંધીના જીવન અને સર્વોદયના વિચારોની પ્રેરણાના આધારે આ સાંસ્કૃતિક વનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ વનમાં ગાંધીજીના સત્ય, અહિંસા, સ્વચ્છતા, સ્વાવલંબન અને ગ્રામ સ્વરાજના વિચારોને પ્રસ્તૂત કરવામાં આવ્યા છે. સાથે અહીં મહાત્મા વન, સત્ય-અહિંસા વન, શાંતિ વન, સર્વોદય વન, ગ્રામ સ્વરાજ (ઈકો વિલેજ), આયુષ વન, મિશન લાઈફ ગાર્ડન જેવા વિવિધ વિભાગો બનાવવામાં આવ્યા છે. આ વનમાં ગાંધીજીના જીવનપ્રસંગો, સ્વાતંત્ર્ય સંગ્રામ,અને તેમના આદર્શોને શિલ્પો અને પ્રાકૃતિક માધ્યમો દ્વારા રજૂ કરવામાં આવશે.







સર્વોદય વનમાં પર્યાવરણ સંરક્ષણ, જૈવ વિવિધતા, ઔષધીય વનસ્પતિ અને ટકાઉ જીવનશૈલી અંગે પણ જનજાગૃતિ ફેલાવવામાં આવશે. સ્થાનિક સંસ્કૃતિ, હસ્તકલા અને ગ્રામ્ય જીવનશૈલીને પ્રોત્સાહન આપતા વિવિધ આકર્ષણોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ સાંસ્કૃતિક વન પ્રવાસીઓ, વિદ્યાર્થીઓ અને પ્રકૃતિપ્રેમીઓ માટે જ્ઞાન, પ્રેરણા અને મનોરંજનનું કેન્દ્ર બનશે. ઓડદરનું આ વન ગાંધીજીના વિચારોને નવી પેઢી સુધી પહોંચાડવામાં અને પોરબંદરની ઐતિહાસિક ઓળખને ઉજાગર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

★વન વિભાગને ૮૯ વાહનો ફાળવવામાં આવ્યા

વન વિભાગની દૈનિક કામગીરીની કાર્યક્ષમતામાં વધારો કરવા માટે આ વર્ષે ગુજરાત સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અંતર્ગત રૂા.૧૧.૨૦ કરોડના ખર્ચે ૮૯ વાહનો ફાળવવામાં આવ્યા છે. મુખ્યમંત્રીશ્રી દ્વારા આ વાહનોને ફ્લેગ ઓફ કરવામાં આવશે.

★સર્વોદય વનનાં મુખ્ય આકર્ષણો

★મુખ્ય પ્રવેશદ્વાર

મુખ્ય પ્રવેશ દ્વારનું નિર્માણ સંસ્કૃતિ અને વારસાને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. મુલાકાતીઓને પ્રથમ નજરે જ સાંસ્કૃતિક વૈભવનો અનુભવ થાય તેવું જાજરમાન પ્રવેશદ્વાર અહીં બનાવવામાં આવ્યું છે.

★સ્વાગતમ પરિસર

સ્વાગતમ પરિસર સાંસ્કૃતિક વનનું પ્રથમ આકર્ષણ અને મુલાકાતીઓ માટેનું આવકાર કેન્દ્ર છે. સ્વાતંત્ર્ય સંગ્રામમાં માત્ર ક્રાંતિકારીઓ જ નહીં, પરંતુ સામાન્ય નાગરિકો, ખેડૂતો, શ્રમિકો, મહિલાઓ, વિદ્યાર્થીઓ અને સમાજના વિવિધ વર્ગોના લોકોએ પણ ગાંધીજીને મહત્વપૂર્ણ સહકાર આપ્યો હતો. અહીં તેની પ્રસ્તૂતિ કરવામાં આવી છે. આ વિસ્તાર આશરે ૩,૨૦૦ ચો.મી.માં ફેલાયેલો છે અને અંદાજિત ૧,૨૦૦ રોપાઓનું વાવેતર અહીં કરવામાં આવ્યું છે.

★સી-વ્યૂ ગાર્ડન

સી-વ્યૂ ગાર્ડન દરિયાકિનારાના કુદરતી સૌંદર્યનો આનંદ માણવા માટે વિકસાવવામાં આવેલું આકર્ષક સ્થળ છે. અહીં પામ વૃક્ષોનું વાવેતર અને ગઝેબો (મઢૂલી)ની વ્યવસ્થા દ્વારા મુલાકાતીઓને શાંતિપૂર્ણ વાતાવરણનો અનુભવ થશે. આ ગાર્ડનમાંથી દરિયાના મનોહર દૃશ્યો તેમજ સૂર્યોદય અને સૂર્યાસ્તના અદ્ભૂત નજારાનો આનંદ માણી શકાય છે. આ વિસ્તારમાં આશરે ૨,૦૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.

★ગ્રામ સ્વરાજ – ઈકો વિલેજ

ગ્રામ સ્વરાજનો મુખ્ય હેતુ આત્મનિર્ભર, સ્વચ્છ, હરિત અને ટકાઉ ગ્રામ વિકાસના વિચારને પ્રોત્સાહન આપવાનો છે. ગ્રામ્ય જીવનશૈલી, સ્થાનિક હસ્તકલા અને પરંપરાગત કૃષિ પદ્ધતિઓનું અહીં પ્રદર્શન કરવામાં આવ્યું છે. ગ્રામ સ્વરાજ આશરે ૩,૫૦૦ ચો.મી.માં ફેલાયેલું છે અને અંદાજિત ૧,૦૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.

★કૃષ્ણ-સુદામા વાટિકા

કૃષ્ણ-સુદામા વાટિકા ભગવાન શ્રીકૃષ્ણ અને તેમના પરમ મિત્ર સુદામાની નિ:સ્વાર્થ મિત્રતા, પ્રેમ અને સમર્પણનું પ્રતીક છે. આશરે ૧,૦૦૦ ચો.મી.માં ફેલાયેલી વાટિકામાં અંદાજે ૬૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. અહીં ભગવાન શ્રીકૃષ્ણ-સુદામાની 3D કલાકૃતિ તથા ૨ મ્યુરલ્સ (ભીંતચિત્રો) છે. તેમાં શ્રીકૃષ્ણ-સુદામાનું બાળપણ અને દ્વારિકામાં શ્રીકૃષ્ણ-સુદામાનો મેળાપ દર્શાવવામાં આવ્યો છે.

★મહાત્મા વન

મહાત્મા વનનું નિર્માણ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવન, વિચારો અને આદર્શોથી પ્રેરિત છે. અહીં સત્ય, અહિંસા, સ્વચ્છતા, સ્વાવલંબન અને ગ્રામ વિકાસ જેવા મૂલ્યો રજૂ કરવામાં આવ્યા છે.ગાંધીજીના જીવન સાથે જોડાયેલા જુદા-જુદા પ્રસંગો એટલે કે "મોહનથી મહાત્મા" બનવા સુધીની સફર પથ્થર પર કોતરણી કરીને કલાત્મક સ્ટોન મ્યુરલ વોલ દ્વારા રજૂ કરવામાં આવી છે. મહાત્મા વન આશરે ૩,૧૦૦ ચો.મી.માં ફેલાયેલું છે અને અંદાજિત ૬૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.

★માતૃ વન

માતૃ વન માતૃત્વ, મમતા અને પ્રકૃતિ પ્રત્યેના આદરનું પ્રતીક છે. અહીં વિવિધ છાયાદાર, ઔષધીય અને ફળાઉ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. માતા અને દીકરી વૃક્ષનું વાવેતર કરી રહ્યાં હોય તેવા શિલ્પ અને મઢુલી બનાવવામાં આવ્યા છે. માતૃ વન અંદાજે ૨,૩૦૦ ચો.મી.માં ફેલાયેલું છે અને આશરે ૬૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.

★સત્ય વન

સત્ય વન મહાત્મા ગાંધીજીના જીવનના મૂળભૂત સિદ્ધાંત "સત્ય" પર આધારિત છે. તેનો હેતુ સત્યનિષ્ઠા, પ્રામાણિકતા, નૈતિકતા અને પારદર્શિતાના મૂલ્યોને પ્રોત્સાહન આપવાનો છે. અહીં ૨ મ્યુરલ મૂકવામાં આવ્યા છે, જેમાં ગાંધીજીના જીવન પર આધારિત સત્ય ઘટનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

★અહિંસા વન

અહિંસા વન મહાત્મા ગાંધીજીના અહિંસા અને શાંતિના સિદ્ધાંતને સમર્પિત છે. અહીં અહિંસા સ્તંભ તથા ગાંધીજી દ્વારા કરવામાં આવેલા મુખ્ય ૩ સત્યાગ્રહની મ્યુરલ વોલ બનાવવામાં આવી છે. આ વન આશરે ૬,૧૦૦ ચો.મી.માં ફેલાયેલું છે અને અંદાજિત ૨,૫૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.

★શાંતિ વન

શાંતિ વન માનસિક શાંતિ, પ્રકૃતિપ્રેમ અને પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપવા માટે વિકસાવવામાં આવ્યું છે. અહીં લોકો ધ્યાન, યોગ અને કસરત કરી શકે છે અને કુદરતી સૌંદર્યનો આનંદ માણી શકે છે. શાંતિ વનમાં બનાવવામાં આવેલી ૨ હસ્તમુદ્રા, પંચવટમ – પાંચ વૃક્ષોનું વાવેતર અને પથ્થરમાં કોતરાયેલું શ્રી યંત્ર મુખ્ય આકર્ષણ છે. આ વન અંદાજે ૭,૫૦૦ ચો.મી.માં ફેલાયેલું છે અને અંદાજિત ૮,૦૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.

★બરડા વન કુંજ

બરડા વન કુંજનું નિર્માણ બરડા પર્વતમાળા અને તેના સમૃદ્ધના કુદરતી વારસાને રજૂ કરવા માટે કરવામાં આવ્યું છે. અહીં બરડા વિસ્તારની સ્થાનિક વનસ્પતિ અને વન્યજીવોની જીવનશૈલી અંગે માહિતી આપવામાં આવી છે.

★આયુષ વન

આયુષ વન આયુર્વેદ, યોગ, યુનાની અને હોમિયોપેથી જેવી પરંપરાગત આરોગ્ય પદ્ધતિઓના મહત્વને ઉજાગર કરે છે.

અહીં તુલસી, લીમડો, બહેડા, બીલી, સરગવો, જાંબુ જેવાઔષધીય વૃક્ષો, છોડ અને જડીબુટ્ટીઓનું વાવેતર કરવામાં આવ્યું છે.

★રોક ગાર્ડન

રોક ગાર્ડન કુદરતી પથ્થરો, શિલ્પો અને કલાત્મક રચનાઓ દ્વારા વિકસાવવામાં આવ્યું છે. અહીં ગાંધીજીના ત્રણ વાંદરાના શિલ્પો, વિશ્વાસનું વૃક્ષ અને વૈશ્વિક શાંતિનું શિલ્પ મૂકવામાં આવ્યું છે. રોક ગાર્ડન આશરે ૩,૧૦૦ ચો.મી.માં ફેલાયેલું છે અને અંદાજિત ૨,૦૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.

★વન કવચ

વન કવચનો હેતુ જંગલોનું સંરક્ષણ, વૃક્ષારોપણ અને જૈવવિવિધતાના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવાનો છે. સર્વોદય વનમાં ૧.૫ હેક્ટરમાં વિવિધ પ્રજાતિના લગભગ ૧૮,૦૦૦ રોપાઓ ઉછેરીને વન કવચ વિકસાવવામાં આવ્યું છે. અહીં વોચ ટાવરનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે.

★મિશન લાઈફ ગાર્ડન

મિશન લાઈફ ગાર્ડન ભારત સરકારના મિશન લાઈફ (લાઈફસ્ટાઈલ ફોર એનવાયર્નમેન્ટ) અભિયાનથી પ્રેરિત છે. અહીં સ્વચ્છ અને સ્વસ્થ જીવનશૈલી, ટકાઉ ખાદ્ય વ્યવસ્થા અને ઈ-વેસ્ટ રિસાઈક્લિંગ અંગે મ્યુરલ વોલ બનાવવામાં આવી છે.

★સનડાયલ પ્લાઝા

સર્વોદય વનમાં સનડાયલ પ્લાઝા બનાવવામાં આવ્યો છે, જ્યાં સૂર્યના પડછાયા દ્વારા સમય બતાવતી સૂર્યઘડી સ્થાપિત કરવામાં આવી છે.

★ચિંગરીયા ગામના કારીગરોની હાથવણાટની શાલ અને કેફેટેરિયા

ચિંગરીયા ગામના કારીગરો દ્વારા હાથવણાટની પરંપરાગત કળાથી બનાવવામાં આવતી શાલ સ્થાનિક હસ્તકલા અને કારીગરીનું સુંદર ઉદાહરણ છે. કેફેટેરિયા તથા સ્થાનિક વાનગીઓ અને પરંપરાગત ખાદ્યપદાર્થો સાથે આ પ્રવૃત્તિઓ દ્વારા મહિલાઓ અને યુવાનો માટે સ્વરોજગારીની તકો ઊભી કરવાનો ઉદ્દેશ છે.

★વિવિધ પ્રજાતિના ૧.૨૫ લાખ જેટલા વૃક્ષોનું વાવેતર, પ્રવાસીઓ માટે પ્લે એરિયા અને અન્ય સુવિધાઓ

સર્વોદય વનમાં વિવિધ પ્રજાતિના અંદાજિત ૧.૨૫ લાખ જેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. તેમાં સ્થાનિક પ્રજાતિના વડ, પીપળ, ઉંબરો, કરંજ અને બદામ સહિત દરિયાકાંઠે ઉછરી શકે તેવી પ્રજાતિઓમાં સરુ, પીલુ, પારસ પીપળો, નાળિયેર, કોડિયા વગેરે વૃક્ષોનો સમાવેશ થાય છે. પ્રવાસીઓની સુવિધા માટે પ્રાકૃતિક રમતગમત વિસ્તાર વિકસાવવામાં આવ્યો છે. દિવ્યાંગો માટે અલગ રમતગમત વિસ્તારનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. મુલાકાતીઓની સુગમતા માટે કેફેટેરિયા, સુવેનિયર શોપ અને અન્ય જનસુવિધાઓ ઊભી કરવામાં આવી છે.

# ગાંધીનગર મનપાની ચુંટણીમાં મતદાન અગાઉ ભાજપ એકશન મોડમાં: મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી સહિત ૨૦ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા સહિત રાજયની બે નગરપાલિકાઓ અને વિવિધ બેઠકોની પેટા ચુંટણી ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટીએ ચુંટણી પ્રચારમાં પોતાની પુરી તાકાત લગાડી દીધી છે. ભાજપ દ્વારા ચુંટણી પ્રચારને વેગ આપવા માટે ૨૦ દિગ્ગજ નેતાઓની સ્ટાર પ્રચારક તરીકે પસંદગી કરવામાં આવી છે. ચુંટણી જંગમાં જંગી જીત સુનિશ્ચિત કરવા માટે પક્ષ દ્વારા મુખ્યમંત્રી થી લઈને મંત્રીઓ અને સ્થાનિક લોકપ્રિય ધારાસભ્યોની ફોજ મેદાનમાં ઉતારવામાં આવી છે. આજે ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણી જીતાડવા ખુદ મુખ્યમંત્રીને પોતાની ચેમ્બર છોડી પ્રચાર કરવા નિકળવુ પડે તે ભાજપ માટે કેટલુ શરમજનક કહેવાય તેવુ લોકમુખે ચર્ચાઈ રહ્યુ છે. ભાજપના સ્ટાર પ્રચારકોની યાદીમાં રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર પાંડે નો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કેબિનેટ અને રાજયકક્ષાના મંત્રીઓ જેવા કે ઋષીકેશ પટેલ, પ્રવિણ માળી



અને સ્વરૂપજી ઠાકોરને પણ પ્રચારની મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. સ્ટાર પ્રચારકોની આ યાદીમાં જામનગર ઉત્તરના ધારાસભ્ય રીવાબા જાડેજા અને ગાંધીનગર ઉત્તર તથા દક્ષિણના સ્થાનિક ધારાસભ્યોનો પણ સમાવેશ કરાયો છે. ઓખા નગરપાલિકાની ચુંટણીમાં ભાજપનો ગઢ અકબંધ રાખવાના હેતુથી જામનગરના સાંસદ પુનમબેન માડમ અને દ્વારકાના અનુભવી નેતા પબુભા માણેકનો ખાસ સ્ટાર પ્રચારકોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ તમામ પ્રચારકો આવનારા દિવસોમાં ગાંધીનગર મનપા, નગરપાલિકાઓ અને પેટાચુંટણીવાળા વિસ્તારોમાં જાહેરસભાઓ ગજવશે અને રોડ શો તેમજ જનસંપર્ક કાર્યો દ્વારા ભાજપના ઉમેદવારોની તરફેણમાં મોટુ વાતાવરણ ઉભુ કરશે. ગાંધીનગર કોર્પોરેશનની ચુંટણી જીતવી જરૂરી છે, કારણ કે ગાંધીનગર એ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો સંસદીય વિસ્તાર કહેવાય છે.


## પશ્ચિમ રેલ્વે દ્વારા સુરત ⇌ ઉદયપુર વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ ચલાવવામાં આવશે.



| ટ્રેન નં. | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | થી અમલમાં | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 26903 | સુરત - ઉદયપુર (સપ્તાહમાં છ દિવસ) | 04.10.2026 | 06:10 કલાક (સોમ, બુધ, ગુરુ, શુક્ર, શનિ અને રવિ) | 13:40 કલાક (તે જ દિવસે) |
| 26904 | ઉદયપુર - સુરત (સપ્તાહમાં છ દિવસ) | 03.10.2026 | 15:35 કલાક (સોમ, બુધ, ગુરુ, શુક્ર, શનિ અને રવિ) | 23:00 કલાક (તે જ દિવસે) |

હોલ્ટ:: ભરૂચ, વડોદરા, આણંદ, મણિનગર, અસારવા, હિમતનગર, શામળાજી રોડ, ડુંગરપુર અને ઝાવર સ્ટેશનો બંને દિશામાં.

રચના: એક્ઝિક્યુટિવ ચેર કાર અને એસી ચેર કાર કોચ.

મુસાફરો કૃપા કરીને સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર 26903 માટેનું બુકિંગ તા. 01.10.2026 થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઇટ પર ચલાવવામાં આવશે.

પશ્ચિમ રેલ્વે

wr.indianrailways.gov.in

અમને લાઇક અને ફોલો કરો

facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

બધી આરક્ષિત ટિકિટો માટે કૃપા કરીને અસલ ઓળખપત્ર સાથે રાખો


## દીકરીએ ચાર વર્ષ સુધી પિતાનો મૃતદેહ ફ્રીઝરમાં રાખ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

ભવિષ્યમાં વિજ્ઞાન પ્રગતિ કરશે અને મૃત વ્યક્તિ ફરી જીવિત થઈ શકશે... આ એક આશાને કારણે એક પરિવારે એવો મોટો નિર્ણય લીધો જેને જાણીને તમે પણ હેરાન રહી જશો. તેમણે ૮૦ વર્ષના વૃદ્ધનો મૃતદેહ ૪ વર્ષ સુધી ફ્રીઝરમાં સાચવી રાખ્યો હતો. આ ચોંકાવનારો મામલો મુંબઈમાંથી સામે આવ્યો છે. મલાડના એક ક્લિનિકમાં આ મૃતદેહ રાખવામાં આવ્યો હતો. સોમવારે રાત્રે ગુપ્ત માહિતીના આધારે કુરાર પોલીસે મલાડના એક પોલીક્લિનિક પર દરોડો પાડ્યો ત્યારે આ ચોંકાવનારો મામલો સામે આવ્યો હતો. પોલીસ તંત્ર પણ સ્તબ્ધ થઈ ગયું હતું.

મળતી માહિતી અનુસાર, વૃદ્ધનું ૨૦૨૨માં કુદરતી કારણોસર મૃત્યુ થયું હતું. જોકે, તેમના મૃત્યુથી આઘાતમાં આવેલા વૃદ્ધ પત્ની અને પુત્રોએ અંતિમ સંસ્કાર કરવાને બદલે મૃતદેહને સાચવી રાખવાનો નિર્ણય લીધો હતો. પરિવારજનોએ ઈન્ટરનેટ પર સર્ચ કરતાં તેમને અમેરિકાની 'ક્રાયોનિક્સ' ટેક્નોલોજી વિશે માહિતી મળી હતી. આ ટેક્નોલોજીમાં અત્યંત ઠંડા તાપમાન પર (-૧૯૬□C પ્રવાહી નાઈટ્રોજન) મૃતદેહને સાચવી રાખવામાં આવે છે, જેથી ભવિષ્યનું તબીબી વિજ્ઞાન તેમને ફરી જીવિત કરી શકે. આ માટે તેમણે અમેરિકાની એક સંસ્થાનો સંપર્ક કર્યો હતો અને મૃતદેહને અમેરિકા લઈ જવાની તૈયારી શરૂ કરી હતી.

# શું ભારતની લોકશાહી જોખમમાં છે? ચૂંટણી પંચની ખામીઓ અંગે જ્ઞાનેશ કુમારે જવાબ આપવો જ જોઈએ

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

ભારત જેવા લોકશાહી દેશમાં મતદાનનો અધિકાર પવિત્ર માનવામાં આવે છે. કારણ કે એ જ લોકશાહીનો સાચો આધાર છે. શાસનની અન્ય કોઈ પણ પ્રણાલી તેના નાગરિકોને તેમના શાસકો પસંદ કરવાનો અધિકાર આપતી નથી. આ અધિકાર માત્ર લોકશાહીમાં જ મળે છે. અને જો કોઈ નાગરિક પોતાના મતદાનના સાચા અધિકારનો ઉપયોગ ન કરી શકે, તો તે એક મહાપાપ છે. આ માટે કોઈ માફી હોઈ શકે નહીં. કલ્પના કરો કે ટ્રિબ્યુનલ દ્વારા ૯૩ ટકા મતદારોના નામ સાચા સાબિત થયા છે. છતાં તેઓ પશ્ચિમ બંગાળમાં તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં મતદાન કરી શક્યા ન હતા.

શું આ લોકશાહીનું અપમાન કે ઉલ્લંઘન નથી? આ માટે જવાબદાર તમામ લોકો સામે શા માટે કોઈ કાર્યવાહી થવી જોઈએ નહીં? છતાં હજુ પણ લાખો સાચા મતદારો મતદાર યાદીમાં પોતાના નામ પાછા લાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.

આ સંદર્ભમાં જ ઈન્ડિયન એક્સપ્રેસનો અહેવાલ વધુ દુઃખદાયક અને પીડાદાયક છે. એ જોવું આશાસ્પદ છે કે બે ચૂંટણી કમિશનરોએ મુખ્ય ચૂંટણી કમિશનર દ્વારા લેવાયેલા દરેક નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો અને તેનાથી લોકશાહી નબળી પડી છે.

પરંતુ દુઃખદ બાબત એ છે કે તેઓ જ્ઞાનેશ કુમારની સરમુખત્યારશાહીને જનતાની નજરમાં ન લાવ્યા અને બંને સજ્જનોએ વિરોધમાં રાજીનામું પણ ન આપ્યું. જો તેઓએ આ કામ વહેલાં કર્યું હોત, તો દેશની વધુ સારી સેવા થઈ હોત અને લોકશાહી મોટા પ્રમાણમાં બચી ગઈ હોત. અને શંકાના વાદળો સાફ થઈ ગયા હોત. લોકશાહીમાં લોકોનો વિશ્વાસ ફરી સ્થાપિત થઈ શકે એ માટે હજુ પણ સમય છે. સમય વર્તે સાવધાન!

### દારૂબંધીના ધજીયા ઉડાડતા દારૂડિયાઓનો પુણા વોર્ડ ઓફિસ પાસે અડ્ડો?

# ભાજપના જ વોર્ડ ૧૬ ના મહિલા કોર્પોરેટરની ફરિયાદને ગૃહમંત્રી હર્ષ સંઘવી ગંભીરતાથી લેશે ખરા?

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

ગુજરાત મોડેલ હવે જાણે કે દારૂ મોડેલ બની ગયું હોય એમ રોજેરોજ લાખો રૂપિયાનો દારૂ પકડાય છે એનાથી વધારે તો પીવાય છે. છતાં લાજ વાને બદલે ગાજતા રહેતા ગૃહમંત્રી એવા નાયબ મુખ્ય મંત્રી હર્ષ સંઘવી ના હોમ ટાઉન એવા સુરતમાંજ દારૂડિયાઓના જમાવડાથી કંટાળેલા એમની જ BJP પાર્ટીના જ વોર્ડ ૧૬ના BJP મહિલા કોર્પોરેટર સંગીતાબેન પરમારે ભારે આક્રોશ સાથે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં મ્યુ. કમિશનર અને સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષ સામે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે પુણાની ધનવર્ષા વોર્ડ ઓફિસ નજીક પીધેલાઓ અને અસામાજિક તત્વો પડયા પાથર્યા રહેતા હોવાથી મહિલાઓ માટે ત્યાં જવું જોખમરૂપ બની ગયું છે.

આવી રજૂઆત ભારે આક્રોશની સાથે સાથે પુરાવારૂપ આ અસામાજિક તત્વોની તસવીરો પણ બંને હાજર મહાનુભાવો સમક્ષ ટેબલ ઉપર મૂકીને આખી વોર્ડ ઓફિસને જ બીજી શિફટ કરવાની હૈયાવરાળ ઠાલવી હતી. સાથે એ પણ જણાવ્યું હતું કે લેપટોપ-કોમ્પ્યુટર ચોરાયા છતાં જો SMCનું તંત્ર ગાઢ નિંદ્રામાં પોઢેલું હોય ત્યારે ફરિયાદ કોને કરવી? હવે ધનવર્ષા વોર્ડ ઓફિસ અંગે થયેલી રજૂઆતથી તંત્ર સફાળું જાગીને કામગીરી કરવા સક્રિય બન્યું છે.

આ ફરિયાદથી એટલું તારણ જરૂર નીકળે છે કે શહેર માં હવે જાણે કે પોલીસની કોઈ હાક કે ધાક જેવું કંઈ છે જ નહી. કારણ ગૃહમંત્રીના ઘર આંગણે એવા સુરતમાં જ પોલીસનો વહીવટદારો, P.S.I, P.I, થી લઈ સુરત મ.ન.પા માં જ કેટલાક અધિકારીઓ ત્રણ ત્રણ વર્ષ ઉપરાંતથી ચીપકી રહ્યા હોય ત્યારે બુટલેગરો સાથે સંબંધો ના બંધાય એવું બને ખરૂં?

એટલું જ નહિ પરંતુ ગૃહમંત્રી જે વિસ્તાર માંથી ચૂંટાયા છે એવા હાઈફાઈ એરીયા કહેવાય એવા ડુમ્મસ, વેસુ, સીટીલાઈટ જેવા પોશ એરીયામાં તો મોંઘા ભાવની વિદેશી દારૂની બોટલોની હોમ ડીલીવરી થઈ રહી છે. અને એનાથી માત્ર પોલીસ જ નહીં આખું સુરત માહિતગાર હોય ત્યારે ગૃહમંત્રી તમે અજાણ કઈ રીતે હોઈ શકો?

પછી આ મોંઘા ભાવની વિદેશી દારૂની બોટલો માત્ર પુરુષોનો જ ઈજારો નથી રહી પરંતુ પુરુષ સમોવડી બની રહેલી ઉચ્ચ પરિવારોની મહિલાઓ પણ એમાંથી બાકાત નથી. એટલે હવે એમ કહેવાય કે જેમ મુંબઈમાં ખુલ્લે આમ બિયર બારો ચાલી રહ્યા છે એ જ પ્રમાણે સુરત પણ જાણે કે બીજું મુંબઈ હોય એમ સુરતના પોશ વિસ્તારોના હાઈફાઈ બંગલાઓ, ફાર્મ હાઉસો, લકઝરીયસ ફલેટો અને A.C હોટલોમાં જોઈએ એ બ્રાન્ડનો વિદેશી દારૂ મળવા સાથે ચખણાં, ઠંડા પીણાં, સોડા, સહિતની તમામ સગવડો ગ્રાહકોને પૂરી પાડવામાં આવતી હોય ત્યારે પોલીસ પણ મૂક પ્રેક્ષક બનીને જોયા ના કરે તો બીજું કરે પણ શું? કારણ પોલીસની પણ સાથે સગવડ સચવાતી હોય તો ત્યાં મારે શું ની નીતિ જ અપનાવીને બેસી રહેવાનુ હોય છે.

હું તમારી શું સેવા કરી શકું છું? આ સૂત્ર માત્ર ને માત્ર દેખાવ પૂરતું જ પોલીસ સ્ટેશન માં શોભતું હોય છે. કારણ આ સૂત્ર પ્રજાના કામ માટે ક્યારેય સાર્થક નથી થતું. પરંતુ બધી જ જાતની સેવાઓની આ તમામ સગવડો માત્ર ને માત્ર VIP ઓને મળતી હોય છે. અને બધા જ આવી ગયા મંત્રીથી લઈ સંત્રી અને બુટલેગરો પણ પોલીસની સરભરાનો લાભ લેતા હોય છે.

હવે વાત કરીએ અસલી બ્રાન્ડ દારૂના નામે નકલી માલના દારૂના થતાં વેચાણની. આજકાલ જે રીતે ખાદ્ય પદાર્થો જેવા કે ઘી, દૂધ, ચીઝ, પનીર, માવો, તેલ વિગેરે ધૂમ નફા સાથે નફાખોરો જે રીતે પ્રજાના પેટમાં પધરાવી રહ્યા છે અને પ્રજાના આરોગ્ય સાથે રમત રમી પ્રજાના રામ રમાડી રહ્યા છે એ જ રીતે બુટલેગરો પણ અસલી બ્રાન્ડ દારૂના નામે નકલી (ડુપ્લીકેટ) માલની બોટલ મોંઘા ભાવે પીનારાઓને પધરાવી પીનારાઓના લીવર ખરાબ કરી પીનારાઓને મોતના મુખમાં ધકેલી રહ્યા છે. એ જોતા હવે ગુજરાત મીની દમણની સાથે સાથે મીની મુંબઈ બનતું જઈ રહ્યું હોય એમ લાગી રહ્યું છે.

છેલ્લે એક વાત, ગુજરાતના બહુ ગાજતા ગૃહમંત્રીના રાજમાં લઠ્ઠાકાંડ માં મોટી સંખ્યામાં મરતા દારૂના બંધાણીઓના મોતથી સમગ્ર ગુજરાતમાં ફેલાયેલો હાહાકાર છતાં ગૃહમંત્રીને એની કોઈ અસર નહીં એનાથી મોટી શરમ જનક બાબત ગૃહમંત્રી માટે શું હોઈ શકે? આજે દારૂના દૈત્યનો પંજો છેવાડાના ગામડાના છેડાથી લઈ ગુજરાતના મેટ્રો સીટીની હોટલો અને આલીશાન રહેઠાણોમાં ફેલાયેલો હોય ત્યારે પ્રજા પાસે એક માત્ર વિકલ્પ છે કે ગુજરાત ના નાયબ મુખ્ય મંત્રી સ્વેચ્છાએ રાજીનામું આપીને પોતાની નિષ્ફળતા સાબિત કરે એ જ ઈચ્છનીય છે.

# રાજકોટ પંથકમાં ઘાસચારાના ભાવમાં ૨૦ દિવસમાં અઢી ગણો વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર



ચાલુ વરસે સૌરાષ્ટ્ર અને ખાસ કરીને રાજકોટ પંથકમાં મેઘરાજાએ મોં ફેરવી લેતા સમગ્ર પંથક ભારે જળસંકટ અને ઘાસચારાની તીવ્ર અછત તરફ ધકેલાયુ છે. માત્ર ૨૦ જ દિવસના ટુંકા ગાળામાં નીણ (ઘાસચારા) ના ભાવમાં સીધો અઢી ગણો ઉછાળો નોંધાયો છે. ૨૦ દિવસ પહેલા જે નીણ નો મણ દીઠ કે ૨૦ કિલોનો ભાવ રૂપીયા ૬૦ બોલાતો હતો તે આજે વધીને રૂપીયા ૧૪૦ થી ૧૬૦ સુધી પહોંચી ગયો છે. વરસાદની ખેંચના કારણે ખેતરોમાં મોલ સુકાઈ રહ્યા છે અને પશુઓ માટે ચરીયાણ જમીન પર ઘાસનુ એક તણખલું પણ બચ્યુ નથી , બહારના જિલ્લાઓ કે રાજયોમાંથી ઘાસચારો મંગાવવા માટે ઉંચુ ભાડુ ચુકવવુ પડી રહ્યુ છે. જેના કારણે વેપારીઓ પણ ઉંચા ભાવે ચારો વેચવા મજબુર બન્યા છે. આ ભાવવધારાએ પશુપાલકો, ખેડુતો અને માલધારી સમાજની કમર ભાગી નાંખી છે, દૈનિક કમાણી સામે પશુઓને સાચવવાનો ખર્ચ વધી જતા પશુપાલનનો વ્યવસાય હવે ખોટ નો ધંધો બની રહ્યો છે. સૌથી વધુ વિષમ પરિસ્થિતિ ગૌશાળાઓ અને પાંજરાપોળોની થઈ છે, રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં સેંકડો ગૌશાળાઓમાં હજારો નિરાધાર અને અશકત પશુઓ આશ્રય લઈ રહ્યા છે. દાન અને લોકસહયોગ પર નભતી આ સંસ્થાઓ માટે અચાનક ભાવ અઢી ગણા થઈ જતા દૈનિક ખર્ચનુ બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ છે. ઘણી ગૌશાળાઓ પાસે હવે પશુઓને પેટભર નીણ આપવાના પણ ફાંફાં પડી રહ્યા છે. આ સિવાય ઘાસચારાના અતિશય ઉંચા ભાવને કારણે પશુપાલકો પશુઓને પુરો ખોરાક આપી શકતા નથી. જેની સીધી અસર દુધના ઉત્પાદન પર પડી રહી છે. દુધનુ ઉત્પાદન ઘટવાની સાથે જ પશુપાલનનો પડતર ખર્ચ વધી જતા આગામી દિવસમાં દુધ અને દુધની બનાવટોના ભાવમાં પણ વધારો થવાની પુરતી શકયતાઓ વર્તાઈ રહી છે. માલધારી સંગઠનો, ખેડુત આગેવાનો અને ગૌશાળા સંચાલકો દ્વારા સરકાર સમક્ષ તાત્કાલીક રાહત પગલા ભરવાની માંગ કરવામાં આવી છે. રાજય સરકાર દ્વારા વહેલી તકે અછતગ્રસ્ત વિસ્તારો જાહેર કરીને રાહતદરે ઘાસચારો પુરો પાડવામાં આવે તેમજ વિવિધ તાલુકા મથકોએ સરકારી ઘાસ ડેપો શરૂ કરવામાં આવે તેવી બુલંદ માંગ ઉઠી રહી છે. જો આગામી દિવસોમાં સરકારી સહાય કે વરસાદી રાહત નહી મળે તો માલધારીઓએ હિઝરત કરવાની નોબત આવે તેવી ભીતી સેવાઈ રહી છે.

# ચુંટણીપંચે ગઈ કાલે મોડી રાત્રે કર્યો મોટો ફેરફાર: ફોર્મ-૬ માં એસઆઈઆર જોગવાઈ હટાવી

પ્રતિનિધિ,ગાંધીનગર



ચુંટણીપંચે ગઈકાલે મોડી રાત્રે મોટો ફેરફાર કર્યો છે. જે રાજયોમાં એસઆઈઆર પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે ત્યાં ઈસી નેટ પોર્ટલ પર ફોર્મ-૬ માં થી વધારાનુ એસઆઈઆર ઘોષણાપત્ર હટાવી લેવામાં આવ્યુ છે. આ પગલાથી નાગરીકો માટે અરજી પ્રક્રિયા સરળ બનશે.

નવી વોટર આઈડી બનાવવા કે વોટર લીસ્ટમાં નામ જોડવા માટે ફોર્મ-૬ ભરવામાં આવે છે. તાજેતરમાં ઈસી નેટ પોર્ટલ પર આ ફોર્મ સાથે એસઆઈઆર થી જોડાયેલુ એક વધારાનુ ઘોષણાપત્ર દેખાવા લાગ્યુ હતું જેને લઈને વિવાદ થયો હતો.

આ બાબતને ધ્યાનમાં રાખીને ચુંટણીપંચે ૨૯ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવેલી જાહેરાતના-૪ દિવસ બાદ જે રાજયોમાં એસઆઈઆર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે ત્યાં ઈસી નેટ પોર્ટલ પરથી આ વધારાનુ ઘોષણાપત્ર હટાવી દીધુ છે. જયારે કોઈ વ્યકિત પહેલીવાર મતદાતા બને છે ત્યારે તેનુ નામ વોટર લીસ્ટ માં જોડવા માટે ફોર્મ-૬ ભરવુ પડે છે. જે એક નિર્ધારીત કાનુની ફોર્મ છે. તો બીજી બાજુ એસઆઈઆર દરમિયાન વોટર લીસ્ટ ની ચકાસણી માટે ફોર્મ-૬ સાથે વધારાનુ ઘોષણાપત્ર જોડવામાં આવ્યુ હતું. આ ઘોષણાપત્રમાં નવા અરજદારે જુના વોટર રેકોર્ડ અંગે માહિતી આપવાની રહેતી હતી, જેમ કે પોતાનુ કે માતા પિતા કે દાદા-દાદીનુ નામ અગાઉની વોટર લીસ્ટ માં હતુ કે નહી, હવે એસઆઈઆર પ્રક્રિયા પૂર્ણ થયેલા રાજયોમાં આ વધારાનુ પત્ર હટી ગયુ છે અને નિર્વાચક રજીસ્ટ્રીકરણ નિયમ ૧૯૬૦ મુજબ ના સામાન્ય ફોર્મનો ઉપયોગ થશે.

આ વિવાદનુ મુખ્ય કારણ એ હતુ કે ચુંટણીપંચ ના આ પગલા સામે બે ચુંટણી આયુકતે વાંધો ઉઠાવ્યો હતો, તેમનુ માનવુ હતુ કે ફોર્મ-૬ એક વૈધાનિક ફોર્મ છે અને નિયમોમાં ફેરફાર કર્યા વિના માત્ર પંચના આદેશ થી તેમાં આવો બદલાવ ન કરી શકાય, આ ઉપરાંત ઓનલાઈન પોર્ટલ પર આ વિકલ્પ નોન-મેન્ડેટરી હોવા છતાં અરજદારો તેને ભર્યા વગર ફોર્મ આગળ સબમીટ કરી શકતા ન હતા. જેને કારણે મુશ્કેલી સર્જાઈ હતી.

# ગુજરાતના પોલીસબેડામાં મોટો ફેરફાર : ૬ ડીવાયએસપી કક્ષાના અધિકારી ની એસપી તરીકે બઢતી

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાત સરકારના ગૃહવિભાગ દ્વારા રાજયના પોલીસતંત્રમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય અંતર્ગત નાયબ પોલીસ અધિક્ષક (ડીવાયએસપી/ એસીપી વર્ગ-૧ ) કક્ષાના અધિકારીઓને બઢતી આપવામાં આવી છે.

તેમને બઢતી આપીને પોલીસ અધિક્ષક (એસપી/ડીસીપી વર્ગ-૧) કક્ષાની જગ્યાઓ પર એડહોક નિમણુંક આપતી સત્તાવાર અધિસુચના જાહેર કરવામાં આવી છે. સરકારના આ પગલાથી પોલીસ વિભાગમાં વહિવટી કામગીરી વધુ ઝડપી બનશે અને અધિકારીઓને નવી જવાબદારીઓ મળશે. આ વિશેષ નિર્ણયથી અધિકારીઓના હોદ્દા અને પે-મેટ્રીકસમાં મોટો સુધારો થયો છે.

તમામ સંબંધિત અધિકારીઓને પે મેટ્રીકસ લેવલ ૧૦ માં થી અપગ્રેડ કરીને સીધા લેવલ ૧૧ માં પ્રમોટ કરવામાં આવ્યા છે. ગૃહવિભાગ દ્વારા જાહેર કરાયેલા આદેશ અનુસાર બદલી અને બઢતી મેળવનાર આ તમામ અધિકારીઓ પોતાની હાલની ફરજની જગ્યાઓ પર જ અપગ્રેડ એકસ-કેડર જગ્યા પર રહીને પોતાની નવી અને ઉચ્ચ જવાબદારીઓ સંભાળતા રહેશે. જેમાં (૧) બી આર ચૌબે - મદદનીશ સેનાપતિમાંથી સેનાપતિ (મ. સે. ) રાજય અનામત પોલીસદળ જુથ-૨૦ વિરમગામ (૨) એમ એસ શેખ- મદદનીશ પોલીસ કમિશ્નરથી નાયબ પોલીસ કમિશ્નર (ટ્રાફીક), રીઝીયન-૪ સુરત શહેર (૩) બી એસ મોરી- નાયબ પોલીસ અધિક્ષકમાંથી પોલીસ અધિક્ષક આઈબી સુરત રીજીયન (૪) એ કે વર્મા- વિભાગીય પોલીસ અધિકારીમાંથી પોલીસ અધિક્ષક, વલસાડ વિભાગ (૫) ડી પી ચુડાસમા- નાયબ પોલીસ અધિક્ષકમાંથી પોલીસ અધિક્ષક, એસસી / એસટી સેલ , ડીજીપી કચેરી ગાંધીનગર (૬) બી એ પટેલ- મદદનીશ પોલીસ કમિશ્નરમાંથી નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઈમ) અમદાવાદ શહેર

# મોબાઈલમાં સોફટવેર અપડેટનું લખાણ આવ્યું અને રૂ.૮૯,૫૨૨ ઉપડી ગયા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વાઘોડિયા-ડભોઈ રિંગ રોડ પર રહેતા ૫૨ વર્ષીય નિવૃત્ત અનિલ હેમનાની સાથે મોબાઈલમાં સોફટવેર અપડેટનું લખાણ આવ્યા બાદ રૂ.૮૯,૫૨૨ની સાયબર છેતરપિંડી થઈ હતી. આ મામલે કપૂરાઈ પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. અનિલ હેમનાનીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત ૨૪ સપ્ટેમ્બરે સાંજે સાડા પાંચ વાગ્યાના અરસામાં તેમના મોબાઈલ ફોનમાં સોફટવેર અપડેટ કરવાનું લખાણ આવ્યું હતું. ત્યારબાદ મોબાઈલ ફોન હેક થઈ ગયો હતો. આ દરમિયાન તેમના ગૂગલ પે ખાતામાંથી 'સાઈસ્તા ડુ સાગીર' નામના યુઝર આઈડી પર ત્રણ વખત નાણાકીય વ્યવહાર કરવામાં આવ્યા હતા.

મોબાઈલમાંથી નાણાં ઉપડી ગયાની જાણ થતાં અનિલ હેમનાનીએ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. આ રીતે કુલ રૂ.૮૯,૫૨૨ની છેતરપિંડી થઈ હોવાનું સામે આવ્યું છે. ફરિયાદના આધારે કપૂરાઈ પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી સાયબર છેતરપિંડીના મામલે તપાસ શરૂ કરી છે.

# રાજકોટ મનપાની શિક્ષણ સમિતિની ચુંટણી બિનહરીફ કરવા માટે ભાજપ સાથે સેટીંગના આક્ષેપ બદલ બે કોંગી નેતા સસ્પેન્ડ

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજકોટ મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ચુંટણી અંતર્ગત આજે ઉમેદવારી પત્રો રજુ કરતી વેળાએ પ્રેસ મીડીયાને આપેલા નિવેદનમાં ચુંટણી બિનહરીફ કરવા માટે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ ભાજપ સાથે સેટીંગ કર્યુ હોવાનો આક્ષેપ કરવા બદલ બે કોંગી નેતા કમલેશ કોઠીવાર અને વિજયસિંહ ચાંદલી ને તાત્કાલીક અસર થી કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

આજે બુધવારે બપોરે તાત્કાલીક અસર થી પક્ષ વિરૂધ્ધ નિવેદન કર્યાના ૩ કલાકમાં જ વિજયસિંહ જાડેજા (ચાંદલી) અને કમલેશ કોઠીવાર ને સસ્પેન્શનના હુકમની બજવણી કરવામાં આવી હતી. સસ્પેન્શનના હુકમમાં જણાવ્યા મુજબ પક્ષની શિસ્તભંગ બદલ સસ્પેન્ડ કરવા તથા જવાબદારીમાંથી મુકત કરવા અંગે જણાવાયુ છે કે આપશ્રીએ મીડીયા સમક્ષ પક્ષની છબી અને પ્રતિષ્ઠાને નુકશાન થાય તેવા નિવેદનો આપેલ હોવાનુ પક્ષના ધ્યાને આવ્યુ છે. આપશ્રીનુ આ ગેરવર્તન પક્ષની શિસ્ત તથા સંગઠનના હિતોની વિરૂધ્ધ હોવાનુ જણાઈ આવેલ છે, આથી પક્ષની શિસ્ત જાળવવાના હેતુસર ૬ વરસ માટે કોંગ્રેસ પક્ષમાંથી આપ બંને ને તાત્કાલીક અસર થી સસ્પેન્ડ કરવામાં આવે છે અને વિજયસિંહ જાડેજા વોર્ડ નં. ૧૩ વોર્ડ પ્રમુખ તરીકેની તમામ જવાબદારીમાંથી મુકત કરવામાં આવે છે. તેમજ કમલેશ કોઠીવારને ૬ વરસ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે.

# ચોમાસાની વિદાય વચ્ચે અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં વરસ્યો વરસાદ

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજયમાં ચોમાસાની વિદાય વચ્ચે ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં અચાનક વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. લાંબા વિરામ બાદ અનેક ગ્રામ્ય વિસ્તારોમાં મેઘરાજાએ ફરી એન્ટ્રી કરતા વરસાદી ઝાપટાં પડયા હતા. તલાલા પંથકના ધાવા, રમરેસી, ચિત્રોડ સહિતના ગામડાઓમાં વરસાદી ઝાંપટા પડયા હતા. જયારે અમરેલી જિલ્લાના ગીરકાંઠા વિસ્તારમાં પણ વરસાદ થતાં ભારે બફારા બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ગીર સોમનાથ જિલ્લાના તલાલા પંથકમાં આજે બુધવારે બપોર બાદ વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો હતો. ધાવા, રમરેસી અને ચિત્રોડ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડયા હતા. લાંબા સમયબાદ વરસાદનુ આગમન થતા સ્થાનિકોમાં પણ રાહત જોવા મળી હતી. તલાલા પંથકમાં પડેલા વરસાદી ઝાપટા થી ચોમાસુ પાકને ફાયદો થવાની શકયતા છે, લાંબા વિરામ બાદ વરસાદ પડતા ખેતરોમાં ઉભા પાકને પાણી મળ્યુ છે. જો કે વરસાદ નુ પ્રમાણ અને આગામી દિવસોમાં વરસાદની સ્થિતિ પાક માટે વધુ મહત્વની રહેશે. અમરેલી જિલ્લામાં પણ ફરી મેઘરાજાનુ આગમન થયુ હતું. બપોર બાદ ગીર પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. ધારી, ગીરકાંઠા ના સરસીયા, ગોવિંદપુર સહિતના ગામડાઓમાં વરસાદ નોંધાયો હતો. છેલ્લા કેટલાક સમયથી ગરમી અને ભારે બફારાનો અનુભવ થઈ રહ્યો હતો. તેવામાં વરસાદી ઝાપટા પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ગીર સોમનાથ અને અમરેલીના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદના આગમનથી લોકોને ગરમીમાંથી થોડી રાહત મળી હતી. રાજયમાં આગામી બે દિવસ સામાન્ય થી મધ્યમ વરસાદની હવામાન વિભાગની આગાહી છે. કચ્છ, સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં સામાન્ય થી મધ્યમ વરસાદની શકયતા છે. નલીયા થી ડીસા સુધીના વિસ્તારમાં ચોમાસાની વિદાય થઈ છે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતા રાજયમાં આગામી બે દિવસ સામાન્ય થી મધ્યમ વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગ મુજબ આગામી બે દિવસ કચ્છ અને સૌરાષ્ટ્રની સાથે દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં સામાન્ય થી મધ્યમ વરસાદ વરસી શકે છે. જો કે બે દિવસ રાજયમાં વરસાદ વરસવાની શકયતા નહીવત જોવાઈ રહી છે. હવામાન વિભાગ મુજબ હાલ કચ્છના નલીયા થી લઈને ડીસા સુધીના વિસ્તારમાં થી ચોમાસાએ વિદાય લઈ લીધી છે. આગામી બે-ત્રણ દિવસમાં વધુ કેટલાક વિસ્તારોમાંથી ચોમાસુ વિદાય લેશે.

# રાજ્ય સરકારનો કડક આદેશ: સ્વચ્છતામાં બેદરકારી દાખવનાર પાલિકાઓની ગ્રાન્ટ કપાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતના શહેરોમાં કચરાના ઢગલા, GVP(ગાર્બેજ વલ્નરેબલ પોઈન્ટ્સ) અને જાહેર સ્થળોની ગંદકી હવે માત્ર સ્વચ્છતા પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને મળતી સરકારી ગ્રાન્ટ સાથે સીધી રીતે જોડાઈ ગઈ છે. સ્વચ્છ ભારત મિશન અર્બનની ફ્લાઈંગ સ્ક્વોડ દ્વારા સરપ્રાઈઝ સ્પોટ ચેકિંગ દરમિયાન વિવિધ શહેરોમાં ગંદકી અને વ્યવસ્થાની ગંભીર ખામીઓ સામે આવ્યા બાદ નાણા વિભાગ દ્વારા રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને કડક અલ્ટીમેટમ પાઠવવામાં આવ્યું છે. નાણા વિભાગ દ્વારા રાજ્યની તમામ પાલિકાઓને પાઠવવામાં આવેલા પત્રમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે, જો ફ્લાઈંગ સ્ક્વોડની તપાસમાં સ્વચ્છતા સંબંધિત કોઈ પણ ક્ષતિ કે બેદરકારી જણાશે, તો સરકાર તરફથી ફાળવવામાં આવતી ગ્રાન્ટ રોકી દેવામાં આવશે. એટલે કે, હવે જો સ્વચ્છતા કામગીરીમાં કોઈ 'ગેપ' રહી જશે તો તેની સીધી ફટકાર પાલિકાઓના વિકાસ કામો માટે મળતા સરકારી ભંડોળ પર પડશે. ૧૦૦% ડોર-ટુ-ડોર કલેક્શન અને પ્રોસેસિંગ: શહેરી વિસ્તારોમાં ૧૦૦ ટકા કચરાનું કલેક્શન અને દરરોજ એકત્ર થતા કચરાનું યોગ્ય પ્રોસેસિંગ થાય તે માટે તુરંત વ્યવસ્થા ઊભી કરવા આદેશ કરાયો છે.

વિઝિબલ ક્લીનલિનેસ અને GVP મુક્ત શહેર: શહેરમાં જાહેર સ્થળો પર કચરો એકત્ર થતો હોય તેવા GVP પોઈન્ટ્સ સંપૂર્ણપણે નાબૂદ કરી 'વિઝિબલ ક્લીનલિનેસ' (આંખે ઊડીને વળગે તેવી સ્વચ્છતા) જાળવવી પડશે. લેગેસી વેસ્ટનો નિકાલ અને જમીનનો ઉપયોગ: વર્ષોથી પડેલા જૂના કચરા (લેગેસી વેસ્ટ) નો ૧૦૦ ટકા નિકાલ કરી ડમ્પ સાઈટ મુક્ત બનાવવાનું લક્ષ્ય અપાયું છે. માત્ર કચરો હટાવવાથી કામ પૂરું નહીં થાય, પરંતુ ખુલ્લી થયેલી જગ્યાનો યોગ્ય ઉપયોગ કરવો પણ ફરજિયાત રહેશે.

હાઈ-ટ્રાફિક ઝોન પર વિશેષ નજર: શહેરના પ્રવેશદ્વારો, પ્રવાસન સ્થળો, ધાર્મિક સ્થાનો અને વધુ ભીડભાડ વાળા વિસ્તારો (CTU) માં ગંદકી ન દેખાય તે માટે ઝોનવાર વિશેષ ગોઠવણ કરવી પડશે.